

સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# પરમાગમ-ચિંતામણિ

* જીવને જેટલું વૈષયિક (ઇન્દ્રિયજન્ય) જ્ઞાન છે તે બધું પૌદ્‌ગલિક માનવામાં આવ્યું છે અને બીજું જે જ્ઞાન વિષયોથી પરાવૃત્ત છે—ઇન્દ્રિયોની સહાય વિનાનું છે તે બધું આત્મીય છે. ૨૦૧.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિક અધિકાર, ગાથા–૭૬)

* હે યોગી! જે પદને દેખવા માટે તું અનેક તીર્થોમાં ભમતો ભમતો ફરે છે, પરંતુ તે શિવપદ તો તારી સાથે ને સાથે જ ફર્યું છતાં પણ તું તેને ન જાણી શક્યો! (કેમકે શિવપદને તેં બહારના તીર્થોમાં શોધ્યું પણ અંતરસ્વભાવમાં દૃષ્ટિ ન કરી.) ૨૦૨.

(શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા–૧૭૯)

* હે મૂઢ! જગતિલક આત્માને છોડીને તું અન્ય કોઈનું ધ્યાન ન કર. જેણે મરકતમણિને જાણી લીધો તેને શું કાચની કાંઈ કિંમત છે? ૨૦૩. (શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા–૭૧)

* હે મૂઢ! દેવ કિસી દેવાલયમેં વિરાજમાન નહીં હૈં ઇસી તરહ કિસી પત્થર, લેપ અથવા ચિત્રમેં ભી દેવ વિરાજમાન નહીં હૈં. જિનદેવ તો દેહ-દેવાલયમેં રહતે હૈં—ઇસ બાતકો તૂ સમચિત્તસે સમજ. ૨૦૪.

(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા–૪૪)

* જૈસી જિનશાસનમેં કહી ગઈ હૈ ઐસી શુદ્ધ શ્રદ્ધા યા સમ્યગ્દૃષ્ટિ અવિનાશી આત્માકે નિજ પદકો યા નિર્વાણકો દેખ લેતી હૈ, વહ નિર્વાણકે માર્ગકો ભી દેખ લેતી હૈ, આત્માકો પરમાત્માકે સમાન હી એકરૂપ દેખ લેતી હૈ. ૨૦૫. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૧૫૩)

* પોતાના પરમાત્મસ્વરૂપનું ધ્યાન કરવાથી ભવ્ય જીવોનું મન વિલય પામે છે. જે ક્ષણે આવું ધ્યાન થાય છે તે જ ક્ષણે ચૈતન્ય ચમત્કાર લક્ષણ સ્વરૂપ શુદ્ધ આત્મા દેખાય છે. ૨૦૬. (પરમાનંદ સ્તોત્ર, શ્લોક–૧૦)

કહાન
સંવત-૯
વર્ષ-૪૬
અંક-૩
[ ૫૫૧ ]




વીર
સંવત
૨૫૧૫
સં. ૨૦૪૫
Sept.
A.D. 1989

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ※ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું સ્વરૂપ ※

[ શ્રી સમયસાર-કળશટીકા, કળશ-૨૫૨ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

શ્રી સમયસાર, કળશટીકાના સ્યાદ્‌વાદ અધિકારનો આ છઠ્ઠો શ્લોક ચાલે છે. બહુ ઝીણી – સૂક્ષ્મ વાત છે. ધ્યાન રાખે તો પકડાય તેવી છે.

એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ પર્યાયમાત્રને વસ્તુરૂપ માને છે તેથી જ્ઞેયને જાણતાં પોતાની જ્ઞાનપર્યાય જ્ઞેયાકાર પરિણમે છે તેથી જ્ઞાનનું જ્ઞેયના અસ્તિત્વથી અસ્તિપણું માને છે. જ્ઞેયથી ભિન્ન નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુને માનતો નથી. આથી એવો ભાવ પ્રાપ્ત થાય છે કે જ્ઞેયના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ છે. જ્ઞાનના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ નથી. તેના પ્રતિ ઉત્તર આપ્યો કે જ્ઞાનવસ્તુનું પોતાના અસ્તિત્વથી અસ્તિત્વ છે. તેના ચાર ભેદ છે. જ્ઞાનમાત્ર જીવવસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવપણે અસ્તિ છે અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવપણે નાસ્તિ છે.

હવે અહીં તેનું લક્ષણ કહે છે. સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ. સ્વવસ્તુ આત્મા અભેદ એકરૂપ નિર્વિકલ્પ વસ્તુને સ્વદ્રવ્ય કહેવાય છે. સ્વક્ષેત્ર એટલે સ્વને રહેવાનું સ્થાન. આધારમાત્ર વસ્તુના અસંખ્યાતપ્રદેશ તે તેનું સ્વક્ષેત્ર છે. એ તેની સ્વસત્તાભૂમિ છે. સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા. એક સમયનો કાળ એ સ્વકાળ એમ નહિ પણ અભેદ – આખી વસ્તુની મૂળ અવસ્થા એ તેનો સ્વકાળ છે અને સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ. ભગવાન આત્માની મૂળ સહજ સ્વભાવશક્તિ એ તેનો સ્વભાવ છે.

હવે પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદકલ્પના. અભેદ–અખંડ વસ્તુમાં ગુણ–ગુણીના ભેદ પાડવા એ ભેદકલ્પના છે, તેને અહીં પરદ્રવ્ય કહ્યું છે. જુઓને ! નિયમસારમાં ક્ષયોપશમ

ક્ષાયિક આદિ ચારભાવને પણ પરદ્રવ્ય કહ્યાં છે. કારણ કે ત્રિકાળદ્રવ્યમાં એક એક અંશનો અભાવ છે. વીતરાગ તત્ત્વ કોઈ અદ્‌ભુત છે. અખંડ અભેદ આત્મા આનંદનો સ્રોત છે. તેમાંથી ધારાવાહી આનંદનો ધોધ વહે છે માટે જેને ધારાવાહી આનંદ જોઈતો હોય તેણે ત્રિકાળી પરમપારિણામિકદ્રવ્યનો આશ્રય કરવો જોઈએ તો તેમાંથી આનંદની ધારા વહે.

કુંદકુંદ આચાર્ય કહે છે કે જે દ્રવે છે તે દ્રવ્ય છે. જેમાંથી જ્ઞાન–આનંદાદિ પર્યાય દ્રવે છે તે ચૈતન્યદ્રવ્ય છે. પણ જ્ઞાન–આનંદની પર્યાયમાંથી બીજી નવી પર્યાય દ્રવતી નથી માટે તે દ્રવ્ય નથી.

લોકોને ચૈતન્યવસ્તુમાં શું શું ભર્યું છે – શું તેનું માહાત્મ્ય છે તે ખબર નથી એટલે આમથી તેમ ભમ્યા કરે છે. જાણે ક્યાંકથી મને ધર્મ થઈ જશે, સુખ થઈ જશે પણ ભાઈ! ધર્મસ્વરૂપ અને સુખસ્વરૂપ તું પોતે જ છો, આનંદનો પિંડ તું પોતે જ છો, રાગ તો તારા માટે પરદ્રવ્ય છે જ— દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ કે પંચમહાવ્રતનો વિકલ્પ એ તો શુભરાગ છે, તેને તો પરદ્રવ્ય કહે છે, કેમ કે નિર્વિકારસ્વભાવની અપેક્ષાએ તે વિકાર હોવાથી પરદ્રવ્ય છે પણ અહીં કહે છે ક્ષયોપશમ આદિની એક સમયની પર્યાય પણ પરદ્રવ્ય છે કેમ કે ત્રિકાળતત્ત્વમાં એક સમયના અંશનો અભાવ છે. વળી એક સમયનો અંશ એ કાંઈ નવી શાંતિ અને આનંદની ધારા આપતો નથી માટે તે પરદ્રવ્ય છે.

આ તો વસ્તુનું સ્વરૂપ કહેવાય છે. ભાઈ! તીર્થંકર–ત્રિલોકીનાથે જેવું સ્વરૂપ છે તેવું જોયું અને તેવું જ કહ્યું તે અહીં કહેવાય છે. પરદ્રવ્યની તો સ્વદ્રવ્યમાં નાસ્તિ જ છે પણ રાગ અને એક સમયની પર્યાયની પણ સ્વદ્રવ્યમાં નાસ્તિ છે. દરેક પ્રકારના વ્યવહારની સ્વદ્રવ્યમાં નાસ્તિ છે.

એક અખંડ વસ્તુમાં ભેદ ઉઠાવવો કે આત્મા જ્ઞાનરૂપ છે, આનંદરૂપ છે એવો વિકલ્પથી ભેદ પાડવો એ પણ પરદ્રવ્ય છે. અભેદમાં આ ભેદનો પણ અભાવ છે.

**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ ।**

ભગવાન આત્મા – ભૂતાર્થ વસ્તુ જે અભેદ એકાકાર વસ્તુ છે તે સ્વદ્રવ્ય છે અને તેના આશ્રયથી જ ધર્મ અને શાંતિ પ્રગટે છે. આ મહાપ્રભુનું જ્યાં સુધી લક્ષ અને ધ્યેય બંધાય નહિ ત્યાં સુધી ધર્મ અને શાંતિ મળે નહિ. લોકોને એમ થાય કે અરે, દેવ-શાસ્ત્ર-ગુરુ તો શુદ્ધ છે તેના આશ્રયે પણ ધર્મ ન થાય? ના ભાઈ! એ પણ પરદ્રવ્ય છે. અરે, સિદ્ધભગવાન કે સાક્ષાત્ કેવળજ્ઞાની ભગવાન પણ આ દ્રવ્ય માટે પરદ્રવ્ય છે તેથી તેના લક્ષે આત્માને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ન થાય. ભગવાનના લક્ષે જે જ્ઞાન

થાય તેને પણ સ્વદ્રવ્ય ન કહેવાય. પ્રવચનસારમાં લીધું છે કે જ્ઞાનની ઉઘાડલબ્ધિમાં પણ જે જાણવાની શક્તિનો વિકાસ છે તે પરદ્રવ્ય છે.

જીવોને આ પરમાત્મતત્ત્વની મહિમા સાંભળવા પણ મળતી નથી તો ખ્યાલમાં તો ક્યાંથી આવે! જેની એક સમયની પર્યાય પણ પરમાત્મા થાય છે એવી એવી તો અનંતી પર્યાયની ખાણનો સાગર છે તેને અહીં સ્વદ્રવ્ય કહે છે. તેની અપેક્ષાએ એક સમયની પર્યાય પણ અંશ હોવાથી સ્વદ્રવ્યમાં તેની નાસ્તિ છે. મહા અસ્તિમાં અંશની નાસ્તિ છે. આ વીતરાગે કહેલું વસ્તુનું સ્વરૂપ છે. વીતરાગે કર્યું નથી પણ જેવું વસ્તુનું સ્વરૂપ જોયું તેવું વાણીમાં આવ્યું છે.

આ તો સીધી સાદી સમજાય તેવી વાત છે પણ એણે કદી સાંભળી નથી એટલે અઘરું લાગે છે. મહાપ્રભુના અસ્તિત્વમાં પરદ્રવ્ય, રાગ અને એક સમયની પર્યાયની નાસ્તિ છે. આ વાત ઝીણી લાગે પણ ભાવ તો જે હોય એ આવે ને! પ્રભુ, તારી મોટપ તો એવી છે કે વીતરાગની વાણીમાં પણ પૂરી આવી નથી. આવી તારી પરમાત્મસ્વરૂપ વસ્તુ છે.

એક સમયની પર્યાય એ વ્યવહાર છે તે જાણવાલાયક છે પણ આદરવાલાયક નથી. આદરવાલાયક તો એકરૂપ અખંડાનંદ ભગવાન આત્મા એક જ છે. જીવનો હેતુ એ છે કે એને જ્ઞાન અને શાંતિ જોઈએ છે. જ્ઞાન, આનંદ, સ્વચ્છતા, નિર્દોષતાની પૂર્ણતા જોઈએ છે. એ બધી પૂર્ણતાની ખાણ તો ભગવાન આત્મા પોતે છે માટે તેના આશ્રયે જ અનંતગુણનો પ્રવાહ ચાલ્યો આવશે.

વસ્તુ પોતે એકરૂપ અખંડાનંદ દ્રવ્ય છે તેમાં સવિકલ્પ ભેદ એટલે કલ્પના એટલે વિકલ્પ ઉઠે તે પરદ્રવ્ય છે તેના આશ્રયે ધર્મ થતો નથી. અહીં તો હજી પરની દયાના આશ્રયે ધર્મ થવાની માન્યતા પડી હોય ત્યાં આ વાત ક્યાંથી બેસે? આહાહાહા... પ્રભુ તારી પણ બલિહારી છે કાંઈ! ઉલટી અવસ્થામાં પણ અનંતતા લાવીને બેસી ગયો છો! પ્રભુ! તું તો અભેદ મહાજ્ઞાન-આનંદનો સાગર છો. અનંતગુણનું એકરૂપ મહાસત્તાનું અસ્તિત્વ તે તું છો.

પ્રભુ! તું એમ ન માન કે આત્મા નજરમાં આવે તેવો નથી. તારી નજરું ત્યાં પહોંચે એવો જ તું નાથ છો. જીવની લાયકાત જ એવી છે કે પોતે પર્યાયથી ધ્યાનમાં આવે એવું એ દ્રવ્ય છે પણ એક પર્યાય એ જ આખું દ્રવ્ય નથી.

'વ્યવહારો અભૂયત્થો' એ મહાસિદ્ધાંત છે. વ્યવહારના ચાર પ્રકાર કહ્યાં છે તે બધાંય અભૂતાર્થ છે. આશ્રય કરવાની અપેક્ષાએ તે બધાં ખોટાં છે. આશ્રય કરવા માટે તો એક સ્વદ્રવ્ય જ સાચું છે. ભગવાન! તારે સત્યનું શરણ જોઈતું હોય તો તારું એકરૂપ તત્ત્વ એ જ સત્ય છે.

અખંડ અભેદ–એકરૂપ શુદ્ધ તત્ત્વમાં 'આ હું છું' એવો વિકલ્પ એ પણ ભેદકલ્પના છે–વ્યવહાર છે. વસ્તુ એકરૂપ સત્તા તે નિશ્ચય સત્ છે અને તેના લક્ષે જ ભેદકલ્પના ટળે છે. અભેદના લક્ષ વગર ભેદકલ્પનાનું ટળવું ત્રણકાળમાં કદી બની શકતું નથી.

વાત ઝીણી પડે પણ શું થાય? આ તો મહાસિદ્ધાંત છે. વસ્તુનું જેવું સ્વરૂપ હોય તેવું સિદ્ધ થાય ને! અહા... જેમાંથી કેવળજ્ઞાનની પર્યાયો ચાલી જ આવે.... અનંત આનંદ, અનંત દર્શન અને તેને રચવાની તાકાતવાળું અનંતવીર્ય તેની પર્યાયો જેમાંથી ચાલી જ આવે છે એવા અનંતગુણની ખાણરૂપ દ્રવ્યનું શું કહેવું!

અરે, પણ આત્મા કેવડો અને તેની શું મહિમા એની એને ખબર ન મળે! એક લીંડીપીપરમાં એક સમયમાં ૬૪ પોરી તીખાશ પ્રગટી અને બીજા, ત્રીજા, ચોથા સમયે એવી ને એવી ૬૪ પોરી જ પર્યાય પ્રગટ થતી રહે છે એ પર્યાયનો પ્રવાહ આવે છે ક્યાંથી? એ પ્રવાહ જેમાંથી આવી રહ્યો છે તે લીંડીપીપરનું દ્રવ્ય છે. તેમ જેમાંથી અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત સુખ આદિની ધારાપ્રવાહ ચાલ્યો આવે છે તે ચૈતન્યદ્રવ્ય છે. તે સ્વદ્રવ્ય છે અને તેમાં ભેદ પાડવો તે પરદ્રવ્ય છે.

પ્રવચનસારમાં આવે છે ને!–અસાધારણ એકરૂપ અખંડ જ્ઞાનને ગ્રહણ કરીને, જેના ઉપર પર્યાય પરિણમે છે— ત્રિકાળ કારણ પરમાત્મા – મહા અસ્તિત્વ પ્રભુ ચૈતન્યદ્રવ્યને શ્રદ્ધામાં ગ્રહણ કરીને તેમાં એકાકાર થઈને જે કેવળજ્ઞાન પર્યાય પ્રગટ થાય છે તે દ્રવ્યની ઉપર પરિણમે છે. દ્રવ્યની અંદર પર્યાય ઘૂસી જતી નથી. આવી વાત ત્રિલોકીનાથ સર્વજ્ઞ સિવાય ક્યાંય ન મળે આ તો જગતથી ન્યારા પંથ છે ભાઈ!

બાપુ! તું કેવડો છો – તારું હોવાપણું કેવડું છે તેની આ વાત ચાલે છે. તેની ખબર વગર તને ધર્મ ક્યાંથી થશે ભાઈ! એક સેકંડના અસંખ્યમા ભાગમાં— એક સમયમાં નિર્વિકલ્પમાત્ર અભેદ વસ્તુ તે તારું સ્વદ્રવ્ય છે. તે તારું લક્ષણ છે તેમાં વિકલ્પમાત્રનો અભાવ છે. અરે, ભેદવિચારનો પણ તેમાં અભાવ છે.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગ જિનચંદ્ર કે જેના અસંખ્ય પ્રદેશોથી જ્ઞાનાનંદના અનંત કિરણો ફાટી નીકળ્યા છે એવા પ્રભુના મુખમાંથી જે વાણી આવી તે આ આગમ છે અને આ આગમમાં આત્માનું આવું વર્ણન કર્યું છે તે અહીં કહેવાય છે.

એક સાધારણ લગ્નપ્રસંગમાં પણ કેવા ગાણા ગાય છે અને વરને 'વરરાજા' કહીને મલાવે છે ને ઊંચા આસને બેસાડે છે તો આ તો આખા જગતમાં સર્વોત્કૃષ્ટ એવા ચૈતન્યરાજાની સાચી મહિમા ગવાય છે. કેવો છે ચૈતન્યરાજા? બધાંથી ઊંચે બેસનારો ચૈતન્યરાજા પરમાં આવતો નથી, રાગમાં આવતો નથી અને એક સમયની પર્યાયમાં પણ આખો ન આવે એવો ભગવાન આત્મા પોતે પોતામાં જ રહેનારો છે.

એકરૂપ અસંખ્યપ્રદેશની ભૂમિ એ તેનું સ્વક્ષેત્ર છે. ઘર, ખેતર, દુકાન આદિ એ એની ચીજ નહિ ભાઈ! અરે, એકરૂપ ચૈતન્યપ્રદેશમાં ભેદકલ્પના કરવી તેને પણ અહીં પરક્ષેત્ર કહ્યું છે. સંવર અધિકારમાં પણ લીધું છે કે વિકારનું ક્ષેત્ર જુદું છે. આ ક્ષેત્ર અહીં છે ને આ પ્રદેશ અહીં છે એવો બુદ્ધિમાં વિચાર કરવો એ પણ પરક્ષેત્ર છે.

કર્મ અને રાગ તો પરક્ષેત્રમાં છે પણ એકરૂપ પ્રદેશમાં ભેદ પાડવો એ પણ પરક્ષેત્ર છે. વસ્તુના પ્રદેશ તો અખંડ છે તેમાં ભેદ પડતા નથી પણ બુદ્ધિમાં ભેદકલ્પના કરવી તે પરક્ષેત્ર છે.

ત્રણકાળનો આખો પિંડ તે સ્વકાળ છે. લોકો બોલે છે ને, હમણા અમારે પુણ્યનો કાળ છે કે પાપનો સમય છે, આ રાત આપણી છે, દિવસ મારો છે; અરે, પણ કાળ ક્યાં તારો હતો. તારો ચૈતન્ય એ તારો સ્વકાળ છે. બનારસીદાસનો આવો એક ૨૯૩ નંબરનો શ્લોક આવે છે. આ દિવસ તારો અને આ દિવસ મારો, રાત મારી છે એમાં હું કામ કરીશ, તું દિવસના કરજે એમ લોકો કહે છે, ધૂળના ઢગલાને પોતાનું ઘર માને છે, જ્યાં રહે તે ગામને પોતાનું માને છે, પુણ્ય-પાપને અમૃત સમાન માને છે અને જ્ઞાનને વિષ સમાન માને છે. આમ અનેક પ્રકારે ચૈતન્ય, અચેતનની સંગતિ કરીને સત્યથી વિમુખ થાય છે અને જૂઠના રસ્તે ચાલ્યો જાય છે.

ત્રિકાળી ચીજનું એકરૂપ રહેવું તે સ્વકાળ છે અને તેમાં એક સમયનું અવસ્થાંતર થવું તે પરકાળ છે અને પરકાળની સ્વકાળમાં નાસ્તિ છે, આવી વાત છે ત્યાં બીજા કાળની તો વાત જ ક્યાં કરવાની રહી. ભૂતકાળ, ભવિષ્યકાળ, વર્તમાન, દિવસ, રાત, કાળદ્રવ્ય એ બધાં તો પરકાળ છે જ પણ આત્મામાં ઉઠતી સમય સમયની પરિણતિમાં વિકલ્પ ઉઠે છે માટે પરકાળ છે. જેના લક્ષે નિર્મળ પર્યાય પ્રગટે એવી ત્રિકાળી વસ્તુ તે જ સ્વકાળ છે.

આહાહા...! કુંદકુંદ આચાર્યના શાસ્ત્રો! કેવળીના પેટ ખોલીને મૂક્યાં છે. એક ત્રિકાળ નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ તે ભૂતાર્થ છે તે સિવાયના બધાં પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ અભૂતાર્થ છે.

પરકાળના આશ્રયે રાગ થાય છે અને સ્વકાળ નિજ એકરૂપ સ્વદ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટે છે. નિશ્ચય એટલે પરમસત્ય, તેના આશ્રયે ધર્મ પ્રગટ થાય છે. વ્યવહારના આશ્રયે ધર્મ થતો નથી.

ભગવાન આત્મામાં જે સહજ અનંત શક્તિઓ છે—સ્વભાવ છે અને એ અનંત શક્તિમય એકરૂપ તત્ત્વમાં ભેદ પાડવો તે પરભાવ છે.

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम् ।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ॥ ६२ ॥

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૩ ]

[ પ્રવચન નં. ૫૫ ]

# જિનાગમનો સાર

[ શ્રી ઇષ્ટોપદેશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, તા. ૩-૬-૬૬ ]

ભગવાન શ્રી કુંદકુંદ આચાર્ય સંવત ૪૯ માં થયાં એટલે ૨૦૦૦ વર્ષ પહેલાં થયાં, તેના પછી આ પૂજ્યપાદસ્વામી થયાં, તેમણે આ ઇષ્ટોપદેશ રચ્યું છે. ઇષ્ટ એટલે આત્માનું મોક્ષસ્વરૂપ અને તેનો ઉપાય આત્મધ્યાન. તેનો આ ઉપદેશ છે. માર્ગ અને માર્ગફળની વિસ્તારથી ઘણી વાત થઈ. હવે ૫૦ મી ગાથામાં તેનો સાર કહે છે.

ભવવાન આત્મા શરીરાદિથી જુદો છે. શરીર આદિ એટલે શરીર, મન, વાણી, કર્મ, પુણ્ય અને પાપ બધાં પુદ્ગલજન્ય-પુદ્ગલ છે. તેનાથી આત્મા જુદો છે અને શરીરાદિ સર્વ આત્માથી જુદા છે બસ! આટલું કહેવામાં બધો સાર આવી જાય છે.

આ ભૂતાર્થ, સત્યાર્થ અખંડાનંદ એક પ્રભુ ભગવાન આત્માને શરીર અને રાગાદિથી જુદો અને શરીરાદિ તેનાથી જુદાં છે, એમ કહેતાં ગ્રહણ શું થાય છે?–કે સત્યાર્થ આત્મતત્ત્વનો સંપૂર્ણરૂપે નિર્ણય થઈ જાય છે.

ભગવાન આત્મા જ્ઞાન, આનંદ અનંત ગુણ સંપન્ન સત્ય વસ્તુ છે. તે રાગાદિ પુદ્ગલથી ભિન્ન છે અને રાગાદિ પુદ્ગલ આત્માથી ભિન્ન છે. એટલું કહેવામાં સત્યાર્થ આત્માનું ગ્રહણ, જ્ઞાન, નિર્ણય અને અનુભવ થઈ જાય છે. કેમ કે શરીર, રાગાદિ અને ભૂતાર્થ ભગવાન આત્માનો ભેદ ભાસતાં જ્ઞાનમાં આત્મા જ્ઞેય થઈ જાય છે. અનંત ગુણોમાં એક પ્રમેયત્વગુણ છે તે પ્રમેયત્વગુણના કારણે અનંત ગુણસ્વરૂપ આત્મા જ્ઞાનમાં પ્રમેય થઈ જાય છે.

પૂજ્યપાદસ્વામીએ બહુ ટૂંકામાં પણ આખો સાર કહી દીધો છે. ભગવાન ભૂતાર્થ, સત્યાર્થ આત્મા પુણ્ય-પાપના વિકલ્પ, શરીરાદિથી જુદો છે અને વિકલ્પ, શરીરાદિ આત્માથી જુદાં છે એમ જ્યાં જ્ઞાનમાં લ્યે ત્યાં ભગવાન ભૂતાર્થ, સત્યાર્થ આત્મા નિર્ણયમાં આવી જાય છે.

આત્મામાં પરમેશ્વર થવાનો ગુણ છે. એક પ્રભુત્વગુણના કારણે અનંતગુણોમાં પરમેશ્વરતા વ્યાપેલી છે. ભેદજ્ઞાન થતાં આત્મા પરમેશ્વરસ્વરૂપ છે એમ દૃષ્ટિમાં ભાન થઈ જાય છે. અનંતકાળથી જેને જાણતો ન હતો તેને જ્ઞાનમાં જ્ઞેય બનાવી—પ્રમાણજ્ઞાનમાં પ્રમેય બનાવી જ્ઞાનમાં તેનો નિર્ણય અને ગ્રહણ કરી લે છે.

બહુ ઝીણી પણ બહુ ટૂંકી અને ઘણી સરસ વાત આવી છે. અનંતકાળમાં જીવે કદી સ્વને પ્રમેય બનાવ્યો નથી તેને પ્રમેય બનાવવાની આ વાત છે.

અજ્ઞાની જગતના પદાર્થ જોવા મથે છે, રાગ જોવા મથે છે, શરીરને જોવા મથે છે પણ એ બધાં પદાર્થો તો આત્માથી જુદાં છે. એ બધાંથી જુદા એવા આત્માને જોવા માટે કદી મંથન કર્યું છે? વકીલાતનું જ્ઞાન, ડોકટરનું જ્ઞાન, મશીનોનું જ્ઞાન એવું બધું જ્ઞાન કર્યું—બધાને પ્રમેય બનાવ્યાં પણ પોતાને પ્રમેય ન બનાવ્યો. હવે, હજી પણ આટલું સાંભળીને ભેદજ્ઞાન કરે તો થાય તેવું છે.

વર્તમાન જ્ઞાન પોતાના પૂર્ણ જ્ઞેય તરફ ઢળતાં—અનંત ગુણરૂપ એક આત્મા તેનાં જ્ઞાનનું પ્રમેય થતાં સાચું પ્રમાણજ્ઞાન થાય છે. રાગાદિ આત્માથી જુદાં છે અને આત્મા રાગાદિથી જુદો છું એવું સાંભળી ભૂતાર્થ સત્યાર્થ ભગવાન આત્મા તરફ લક્ષ કરતાં જ્ઞાનમાં આખો આત્મા ગ્રહણ થઈ જાય છે-નિર્ણયમાં આવી જાય છે.

સર્વને જોનાર, જાણનાર એવા આત્માને જાણ્યા વગર બીજા કોઈને વ્યવહારથી પણ જીવ જાણી શકતો નથી. માટે પ્રથમ આત્માને જાણવાનો છે. રાગાદિથી આત્મા જુદો છે એમ જાણીને નિચોડ શું કાઢવો? ગ્રહણ શું કરવું? તારવવું શું?–કે વર્તમાન જ્ઞાનમાં જ્ઞાનસ્વરૂપ આત્માને જ્ઞેય બનાવવો. જેથી આખા જ્ઞાયકનો નિર્ણય થઈ જશે. આત્મા દૃષ્ટિમાં આવી જશે પછી તેમાં જ ઠરવા લાયક છે, રમવા લાયક છે એમ લાગશે. રાગાદિમાં રમવા જેવું નહિ લાગે.

આ તારું ઘર નથી ભાઈ! તારું ઘર બધાંથી જુદું છે અને બધાનું ઘર તારાથી જુદું છે. આટલો ભેદ તને પડી જાય પછી તારે માત્ર તારું ઘર જોવાનું રહેશે. આ તો તારા ઘરમાં વાસ્તુ લેવાની વાત છે ભાઈ!

ભાઈ! તું ક્યાં છો? તું કેવડો છો? કેવો છો? એ બધા પ્રશ્નોનો જવાબ જ્ઞાયક ઉપર દૃષ્ટિ મૂકતાં જ તને મળી જશે.

કોઈ એમ કહે કે અમને આત્મા જણાતો નથી તેણે આત્માનો જ નિષેધ કર્યો છે. ન જણાય એવા કોઈ ગુણ જ આત્મામાં નથી. દરેક ગુણ જણાય એવો પ્રમેયત્વગુણ તેનામાં પડ્યો છે. તેનો નિષેધ કર્યો તેણે આત્મા જ નથી એમ આત્માનો નિષેધ કર્યો છે. કેમ કે પ્રમેયત્વગુણ આખા આત્મામાં વ્યાપેલો છે. માટે પ્રમેયત્વગુણનો નિષેધ કરતાં આત્માનો નિષેધ થઈ જાય છે.

કાચના કટકાની વચ્ચે હીરો પડયો હોય પણ તે હીરો અને કાચના કટકા જુદાં છે. તેમ પરદ્રવ્ય અને વિભાવની વચ્ચે રહેલો આત્મા તેનાથી જુદો છે. તે ચૈતન્યહીરો જાણવાલાયક–જોવાલાયક છે. નિશ્ચયથી આત્માને જાણે ત્યારે પુદ્ગલ, વિભાવ આદિને જાણવા તે વ્યવહાર છે. આત્માને જાણ્યા વગર પરને જાણવું તે વ્યવહાર પણ નથી. અહા! વસ્તુનું સ્વરૂપ જ કોઈ એવું છે કે ચારે બાજુથી સત્ય ઊભું થાય છે.

પ્રભુ! તું પ્રભુતારૂપે પરિણમી જા એવી તારામાં તાકાત છે. તું પામરતારૂપે પરિણમ એવી તારામાં તાકાત નથી. આત્મા શરીરપણે છે કે વિકારપણે છે એમ જ્ઞાનમાં પ્રમેય થાય એમ તો બનતું જ નથી પણ આત્મા અલ્પજ્ઞપણે છે એમ પણ જ્ઞાનમાં પ્રમેય થતું નથી. આત્મા તો જ્ઞાનમૂર્તિ, આનંદમૂર્તિ, અનંતબળસ્વરૂપ સ્વચ્છસ્વરૂપ—એવા સ્વભાવરૂપ સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થાય એવો આત્મા છે.

આત્માને જાણ્યો ક્યારે કહેવાય?–કે જ્યારે તેના ગુણોનું અભેદસ્વરૂપ દૃષ્ટિમાં આવી જાય ત્યારે આત્માને જાણ્યો કહેવાય. અનંતગુણનો લાભ શું છે તે જ્ઞાનમાં આવી જાય છે.

અનાદિથી અજ્ઞાની બહાર દૃષ્ટિ કરી કરીને મરી ગયો છે. પોતાનાથી જુદાં એવા બધાંને જોવા જતાં પોતે આખો જોવાનો રહી જાય છે તેની તેને ખબર પણ નથી. અનંતકાળમાં કદી એણે સ્વરૂપનું મંથન કર્યું જ નથી. ખરેખર પોતાને જાણ્યાં વગર પરને પણ જીવ જાણી શકતો નથી. નિશ્ચય વગર વ્યવહાર હોતો નથી.

આ બધી વાતો જીવને અગમ-નિગમ જેવી લાગે છે પણ બાપા! તું અગમ-નિગમનો નાથ છો.

ભગવાન આત્મા પુણ્ય-પાપ રાગાદિથી જુદો છે અને પુણ્ય-પાપ રાગાદિ આત્માથી જુદાં છે—એમ ભાન થતાં પોતાના અનંતગુણનો હું ધણી છું એમ ભાન થઈ જાય છે. તેથી હું રાગનો, શરીરનો કે મકાનનો માલિક છું એ વાત એની દૃષ્ટિમાં રહેતી નથી. પોતાના અનંતગુણનો સ્વામી થવાનો આત્મામાં ગુણ છે પણ લક્ષ્મી, શરીર, રાગાદિનો સ્વામી થવાનો આત્મામાં ગુણ નથી.

જ્ઞાયક ઉપર દૃષ્ટિ દેતાં આત્મામાં જેટલાં ગુણો છે તેનો સંપૂર્ણપણે જ્ઞાનમાં નિર્ણય આવી જાય છે. આત્મા દ્રવ્ય એક છે પણ તેના ગુણો અનંતાનંત છે. આકાશના જેટલાં પ્રદેશ છે તેનાથી અનંતગુણા ગુણો એક એક જીવમાં રહેલા છે. આવો અનંત-ગુણમય ભગવાન આત્મા છે પણ એણે કદી એની દરકાર કરી નથી.

તું કેવા અને કેટલા ગુણવાળો છો, તે ગુણના કાર્ય શું છે, ગુણનું સામર્થ્ય શું છે? તે જોવાની તેં કદી દરકાર કરી નથી. પુદ્ગલ, રાગાદિ મારા નહિ અને હું તેનો નહિ એવી દૃષ્ટિ થતાં જ પોતાના સર્વગુણોની મહિમા જ્ઞાનમાં આવી જાય એવી આત્માની શક્તિ છે. જ્ઞાનનું કાર્ય જાણવું, શ્રદ્ધાનું કાર્ય શ્રદ્ધવું, આનંદનું કાર્ય પ્રગટ આનંદ આવવો, પ્રકાશગુણનું કાર્ય આત્માનું પ્રત્યક્ષ થવું—આવા અનંતગુણનું કાર્ય જ્ઞાનમાં જણાય છે.

આત્માને 'વસ્તુ' કેમ કહી છે? કે જેમાં અનંત ગુણ વસે તેને વસ્તુ કહેવાય. રાગાદિ સર્વથી ભિન્ન અંતર વસ્તુની નજર કરતાં આત્માના સર્વગુણોનો નિર્ણય અને

જ્ઞાન તેની પર્યાયમાં આવી જાય છે અથવા બીજી ભાષાથી કહીએ તો ભૂતાર્થને જાણતાં તેના બધાં ગુણોનું નિર્મળ કાર્ય વ્યક્ત–પ્રગટ થઈ જાય છે.

આશ્ચર્યની વાત છે ને? આવડો મોટો મહાન આત્મા છે અને એક બીડીમાં ખોવાઈ જાય છે, લાખ-બે લાખ રૂપિયા મળે ત્યાં તેમાં ખોવાઈ જાય છે. હું પૈસાવાળો, સ્ત્રી, કુટુંબવાળો, રાજ-પાટવાળો એમ પરમાં પોતાપણું માનીને બેસી ગયો છે.

અહીં કહે છે કે પરદ્રવ્ય તરફ જોવાનું તારે શું કામ છે? પરદ્રવ્ય પાસેથી તું કાંઈ કામ લઈ શકે તેમ નથી. રાગ પાસેથી કે શરીર પાસેથી તું કાંઈ કામ લઈ શકતો નથી. આત્માના ગુણનું કાર્ય દયા-દાનાદિના રાગ વડે પણ થઈ શકતું નથી.

હું ભગવાન આત્મા પરથી જુદો છું એમ જાણતાં ભૂતાર્થ સત્યાર્થ નિજ આત્મામાં વસેલાં અનંતગુણો જ્ઞાનમાં–નિર્ણયમાં આવી જાય છે એટલે પ્રમાણજ્ઞાનની પ્રમાણતામાં આખું દ્રવ્ય આવી જાય છે.

પરપદાર્થ આત્માથી જુદાં છે પણ દયા–દાન–વ્રત–ભક્તિના પરિણામ પણ આત્માથી જુદાં છે, તેથી તેના વડે આત્માનું કાર્ય થઈ શકતું નથી. તો પરદ્રવ્ય—સ્ત્રી, પુત્ર, ધનાદિ બધાં મને અનુકૂળ હોય તો હું આત્માનું ધ્યાન કરી શકું એ વાત કયાં રહી? પરની વ્યવસ્થા પરને કારણે પરમાં થયા કરે છે, તેનાથી તને કાંઈ લાભ–નુકશાન નથી.

ભાઈ ભગવાન આત્મા! ધીરો થઈને તારી ધીરતાને નિહાળ. ધીર એટલે શાંત સ્વભાવી તું છો તેને ધીર બુદ્ધિ વડે પ્રાપ્ત કર. પોતાની ધી એટલે બુદ્ધિને અંતરમાં પ્રેરે તેનું નામ ધીર છે, તે જ ધીમંત છે, તે જ શ્રીમંત છે.

અનંતગુણની વસ્તીમાં વસનાર આત્માને જે પરથી ભિન્ન જાણે તેના જ્ઞાનમાં અનંત ગુણોનો નિર્ણય આવી જાય છે તેને એમ શંકા ન હોય કે આત્મા મને જણાય છે કે નહિ! પ્રત્યક્ષ હશે કે નહિ! મારે ભવ હશે કે નહિ! એવા ભાવ તેને ન હોય. ભવ વિનાના ભાવને ભાવતાં જ્ઞાનીને ભવની શંકા હોય જ નહિ. મારા સ્વભાવમાં ભવનું કોઈ કારણ જ નથી તો કારણ વગર કાર્ય થાય કયાંથી? હું તો ત્રિકાળ મુક્તસ્વભાવી છું.

હું મને ન જણાઉં એમ ત્રિકાળમાં કદી ન બને. મને મારી શ્રદ્ધા ન થાય એમ કદી બને નહિ. આત્માને જાણે તેને ભગવાને જ્ઞાનમાં મારા ભવ જોયાં હશે તો? આવી શંકા થાય નહિ. અલ્પકાળમાં મુક્તિ આપે એવો મારામાં ગુણ છે તેની મેં પ્રતીતિ કરી છે માટે હું અલ્પકાળમાં જ પર્યાયમાં મુક્તિ પ્રાપ્ત કરીશ—એમ જ્ઞાની નિઃશંક હોય છે.

બાળકો! તમે પણ બધા ભગવાન છો. શરીર નાના–મોટા હોય તેથી આત્મા કાંઈ

નાનો-મોટો થઈ જતો નથી. ભગવાન કહે છે કે શરીર દ્વારા આત્માને તું ન જો. દરેકનો આત્મા અખંડાનંદ પ્રભુ છે એમ જુઓ. આ જીવને આવું શરીર છે ને આવા કર્મ છે અને આવો રાગ છે એમ ન જુઓ. કેમ કે આત્મા શરીર, કર્મ અને રાગથી જુદો છે. બધાંથી જુદા આવા પોતાના આત્માને જાણે છે તે દરેકના આત્માને પણ બધાથી રહિત અખંડાનંદ પ્રભુ તરીકે જુએ છે. સામો જીવ પોતાને શરીર, રાગાદિથી જુદો જાણતો ન હોય તોપણ તેનામાં આવી શક્તિ છે એમ તું જાણ!

આત્માને જે જાણે તેને આ સર્વજ્ઞસ્વભાવી આત્મા સર્વજ્ઞ થયે જ છૂટકો છે એમ એના જ્ઞાનમાં-નિર્ણયમાં આવી જાય છે.

શ્રોતાઃ—પ્રભુ! આમાં સંસારના વલખા ક્યાં રહ્યાં?

પૂજ્ય ગુરુદેવઃ—સંસારના વલખાં રહ્યાં એના ઘરે-પુદ્‌ગલમાં, ભગવાન આત્મામાં તેનો અભાવ છે. ભગવાન આત્મા એક સમયમાં પુદ્‌ગલથી જુદો છે એમ કહેતાં તેના અનંતગુણ સહિતનું આખું રૂપ જ્ઞાનના નિર્ણયમાં આવી જાય છે. તેને અલ્પકાળમાં મારું સર્વજ્ઞપણું પ્રગટ થશે એમ દૃઢ થઈ જાય છે. તેને હું પડીશ અને પછી રખડીશ એ વાત રહેતી જ નથી. શ્રદ્ધામાં આત્મા બેઠો એ શું હવે આત્માનો અભાવ કરશે? નહિ....નહિ.

મારા કેવળજ્ઞાનનો આધાર મારો આત્મા છે, એમ આધારગુણ સહિત આત્માની પ્રતીતિ થાય છે. મારું પરમેશ્વરપણું સ્વતંત્રપણે પરના આધાર વિના પ્રગટ થાય એવી શક્તિવાળુ છે. મારા કોઈ પણ ગુણના કાર્ય માટે મારે પરના આધારની જરૂર નથી.

આ ૫૦ મી ગાથા પણ ગજબ આવી ગઈ છે.

ગુણી આત્માને શ્રદ્ધામાં લેતાં અનંતગુણો ધારાવહી તેના કાર્યરૂપે પરિણમશે અને પૂર્ણતાને પામશે એવો નિર્ણય આવી જાય છે.

જીવ અને પુદ્‌ગલ ભિન્ન છે એ જ તત્ત્વનો સાર છે પણ જે ટૂંકામાં સમજી શકતાં નથી અને વિસ્તારથી સમજવાની રુચિ છે એવા શિષ્યો માટે આચાર્યોએ વિસ્તારથી શાસ્ત્રો લખ્યાં છે, તે બધો આ ટૂંકા સિદ્ધાંતનો જ વિસ્તાર છે. એક ઘાએ બે કટકા થાય એવી આ ભેદજ્ઞાનની ટૂંકી વાત છે. વિસ્તારથી કહ્યું છે તે પણ આ જીવ-પુદ્‌ગલની ભિન્નતા સમજાવવા માટે કહ્યું છે.

પરથી આત્માને લાભ થાય એમ કહે એ ઇષ્ટ ઉપદેશ નથી, જેનાથી સંસારનો લાભ થાય તે ઇષ્ટ ઉપદેશ નથી. ટૂંકમાં કહ્યું હોય કે વિસ્તારથી કહ્યું હોય પણ જ્યાં

પુદ્ગલથી ભિન્ન આત્માની સ્વાધીનતા બતાવી હોય—મોક્ષ અને મોક્ષમાર્ગ બંને આત્મામાં જ બતાવ્યા હોય તે ઇષ્ટ-ઉપદેશ છે.

તું એક જાણનાર—જોનાર ભગવાન આત્મા છો માટે જે થાય તેને વ્યવહારે જાણ્યા કર અને તારામાં જે થાય તેને તન્મય થઈને એટલે નિશ્ચયથી જાણ. આ બધી વાત જીવ-પુદ્ગલની ભિન્નતાની ટૂંકી છતાં બધો સાર આવી જાય છે.

આચાર્ય કહે છે કે શિષ્યના હિત હેતુ જ્યાં વિસ્તારથી કહ્યું છે તેની પણ અમને શ્રદ્ધા છે, તેને અમે અભિનંદન આપીએ છે, તે પણ હિત માટે છે. આમ ટૂંકામાં હો કે વિસ્તારથી હો બંને વાતને અમે અનુમોદીએ છીએ. [ ક્રમશઃ ]

—*—

[ સ્વદ્રવ્ય........પાનું ૭ થી ચાલુ ]

આ કળશમાં જડ—પરદ્રવ્યના કાર્યને પરભાવ કહ્યા છે અને રાગ છે તે આસ્રવ તત્ત્વ છે તે સ્વભાવથી ભિન્ન તત્ત્વ છે માટે પરભાવ છે. તે પરભાવનો કર્તા થાય છે તેણે વસ્તુને એકરૂપ સ્વીકારી નથી માટે તે મિથ્યાદૃષ્ટિ છે અને જે ત્રિકાળ એકરૂપ સ્વભાવમાં ભેદ પાડીને આ મારો સ્વભાવ છે એમ કલ્પના કરે છે એ પણ મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે એવી ભેદ-કલ્પના તે જ પરભાવ છે તેને એ સ્વભાવ માને છે. હું જ્ઞાન છું, હું દર્શન છું એમ અનેક પ્રકારે ભેદકલ્પના કરવી તે પરભાવ છે અને સહજ અનંતશક્તિનો એકરૂપ પિંડ તે સ્વભાવ છે.

હવે 'पशु नश्यति' કહીને એ કહે છે કે આવા એકરૂપ અભેદ અસ્તિત્વને નહિ માનતાં ભેદમાં જ પોતાનું અસ્તિત્વ માને છે તે પશુ છે, તેની શ્રદ્ધામાંથી સ્વદ્રવ્યનો નાશ થઈ જાય છે એટલે આવો એકાંતવાદી મિથ્યાદૃષ્ટિજીવ, જીવસ્વરૂપને સાધી શકતો નથી.

卐

# જીવનમાં કરવા જેવું

* પોતે પોતામાં રહેનારો પૂર્ણસ્વભાવી શાશ્વતો ચૈતન્ય પદાર્થ છે, પણ તેની દૃષ્ટિ વિભાવમાં ગઈ છે. તેથી તેના જ્ઞાનની શક્તિઓ તેમ જ અન્ય શક્તિઓ ઓછી અથવા વિકારી થઈ ગઈ છે, પર્યાયની પ્રગટતા નથી. સ્વભાવ તો પૂર્ણ છે, પર્યાયની શક્તિ ઓછી થઈ છે. માટે સ્વભાવથી પરિપૂર્ણ એવો જે આત્મા, તેના તરફ દૃષ્ટિ કરવી, તેનું જ્ઞાન કરવું અને તેના તરફ લીનતા કરવી એ જ જીવનમાં કરવા જેવું છે.

—પૂજ્ય બહેનશ્રી

# વ્યવહારનયના આશ્રયનું ફળ : સંસાર

[ શ્રી નિયમસારશાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

એવી રીતે ( આચાર્યદેવ ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ ( શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં પાંચમા શ્લોક દ્વારા ) કહ્યું છે કે :—

શ્લોકાર્થ :— જોકે વ્યવહારનય આ પ્રથમ ભૂમિકામાં જેમણે પગ મૂકયો છે એવા જીવોને, અરેરે ! હસ્તાવલંબરૂપ ભલે હોય, તોપણ જે જીવો ચૈતન્યચમત્કારમાત્ર, પરથી રહિત એવા પરમપદાર્થને અંતરંગમાં દેખે છે તેમને એ વ્યવહારનય કાંઈ નથી.

ધર્મી જીવને વિકલ્પવાળી દશામાં વ્યવહારનયનું અવલંબન ઉપચારથી કહેવાય છે પણ તેનું ફળ સંસાર છે.

શ્રી સમયસારની બારમી ગાથા પછીનો આ શ્લોક છે. પ્રથમ ભૂમિકા એટલે કે જીવ નિર્વિકલ્પદશામાં ઠરે નહિ ત્યાં સુધી જીવને વિકલ્પ ઊઠે છે ને વ્યવહારનયનો વિષય ખ્યાલમાં આવે છે. મુનિને પણ છઠ્ઠે ગુણસ્થાને ઉપદેશ આદિનો વિકલ્પ આવે છે ને તે વિકલ્પનું મુનિ જ્ઞાન કરે છે. દૃષ્ટિમાં તો તે વિકલ્પનો અને ભેદનો નકાર છે. દૃષ્ટિમાં અભેદસ્વભાવ જ છે. છતાં પોતે પોતાના સ્વભાવમાં ઠરી ન શકે ત્યાં સુધી અસ્થિરતા રહે છે તેવાં ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનવાળા જીવોને વ્યવહારનય હસ્તાવલંબરૂપ કહ્યો છે. તોપણ તેનું ફળ સંસાર છે. સમયસાર ગાથા અગિયારના ભાવાર્થમાં લખ્યું છે કે " વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેય શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે. પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી અને એનો ઉપદેશ પણ વિરલ છે. કયાંક કયાંક છે ". સમયસારમાં પણ સ્પષ્ટ લખ્યું છે કે વ્યવહારનયના આશ્રયનું ફળ સંસાર છે. મિથ્યાદૃષ્ટિને વ્યવહારનય હોતો નથી. જ્ઞાનીને નય હોય છે. જ્ઞાની જ્યારે આત્માનું સ્વરૂપ અજ્ઞાનીને ગુણગુણીભેદથી સમજાવે ત્યારે વિકલ્પ વર્તે છે. દૃષ્ટિમાં અખંડ સ્વભાવ આદરણીય છે. રાગ અને ભેદથી કલ્યાણ માનતા નથી. ઉપદેશની વૃત્તિ ઊઠે છે તેનો પણ ખેદ કરે છે. " અરેરે ! અમે અમારા સ્વભાવમાં ઠરી શકતા નથી તેથી આ વિકલ્પ આવે છે " પણ તેનાથી લાભ માનતા નથી. મિથ્યાદૃષ્ટિ જીવ કહે છે કે પ્રથમ વ્યવહાર હોય છે ને તેનાથી પછી નિશ્ચય પ્રગટે છે. પણ એમ વસ્તુસ્વરૂપ નથી. જેને નિશ્ચય પ્રગટ્યો હોય તેને જ વ્યવહાર સાચો હોય છે. તે જીવને વિકલ્પ હોય ત્યારે દેવ-શાસ્ત્ર-ગુરુ ઉપર લક્ષ જાય તે પર્યાયનું જ્ઞાન ને ત્રિકાળી દ્રવ્યનું જ્ઞાન એમ બન્ને થઈને જ્ઞાન પ્રમાણ છે. પર્યાયનો આશ્રય કરવા જેવા નથી.

"પરમ અધ્યાત્મતરંગિણી"માં પંડિત ગજાધરલાલજી પણ કહે છે: "तथा भट्टारक शुभचंद्रजीने 'हंत इति वाक्यालंकारे' ऐसा कहकर हंत अन्ययका अर्थ खेद किया है। हम पंडित जयचंद्रजी के अर्थ से सहमत हैं क्योंकि व्यवहारनयको हेय माना है, इसलिए हंत शब्द से ग्रंथकारने यहाँ खेद प्रगट किया है कि शुद्धस्वरूपकी प्राप्ति के पहिले उसकी प्राप्तिके लिए हमें जबरन व्यवहारनयका अवलंबन करना पडता है, यदि हमारा वश चलता अर्थात् बिना व्यवहारके अवलंबन किये ही शुद्धचिद्रूपकी प्राप्ति हो जाती तो हम व्यवहार-नयकी ओर झांककर भी न देखते ।।

અહીં હસ્તાવલંબરૂપ કહ્યો છે એટલે ટેકારૂપ કહ્યો છે એનો અર્થ એ છે કે ચાલનાર પોતે છે. બીજો જીવ ચલાવતો નથી. ઉપશમાદિ ચાર ભાવોના આશ્રયે પણ લાભ નથી પરંતુ પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે જ લાભ છે એમ પોતાના ટેકે જે ચાલે છે તેને અધૂરી દશામાં રાગ જાણવા જેવો છે તે કથનને હસ્તાવલંબરૂપ કહ્યો છે. ભૂતાર્થ સ્વભાવ રાખીને પર્યાયનું જ્ઞાન કરવા જેવું છે.

"જે જીવો પોતાના શુદ્ધ સ્વભાવમાં ઠરી ગયા છે તેને વિકારને જાણવાનો પણ વ્યવહાર હોતો નથી."

વિકલ્પવાળી દશામાં વ્યવહારનું જ્ઞાન કરાવ્યું ને શાસ્ત્રે ત્યાં ભલે હસ્તાવલંબનરૂપ કહ્યો તોપણ જે જીવો રાગ ને વિકાર ટાળી પોતાના સ્વભાવમાં ઠરી જાય છે ને પોતાના શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્રને દેખે છે તેમને વ્યવહારનય કાંઈ પણ પ્રયોજનવાન નથી. તેવા જીવને કાંઈ વિકલ્પ હોતો નથી. ક્ષાયિકભાવ આવો પ્રગટશે એવો વિકલ્પ પણ ત્યાં નથી. પોતાની શુદ્ધતામાં ઠર્યો એટલે વિકલ્પ તૂટી ગયો ને તેથી વિકલ્પને જાણવારૂપ વ્યવહાર પણ રહેતો નથી તેથી વ્યવહારનય કાંઈ નથી એમ કહ્યું છે.

વળી (આ ૪૯ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે):—

શ્લોકાર્થ:—"શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં તેમજ સંસારમાં તફાવત નથી; આમ જ ખરેખર તત્ત્વ વિચારતાં (–પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં) શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે. ૭૩.

શુદ્ધ નિશ્ચયનયથી સંસારી ને સિદ્ધમાં કાંઈ તફાવત નથી, બન્ને સમાન છે.

સંસારી જીવોની એક સમયની પર્યાયને તથા સિદ્ધની મુક્તિની પર્યાયને ગૌણ કરી જુઓ તો શુદ્ધ નિશ્ચયનયથી સંસારી ને સિદ્ધમાં કાંઈ ફેર નથી. કોઈ એમ માને કે એક સમયનો પર્યાય બિલકુલ નથી ને આત્મા સર્વથા કૂટસ્થ જ છે તો તે ખોટો છે. પર્યાયમાં ભેદ પડે છે. જુદાં જુદાં ભાવો જીવ કરે છે, નિમિત્ત ઉપર લક્ષ પણ જાય છે તે ભેદ

પર્યાયમાં છે ખરા પણ તે ભેદોથી સ્વભાવને લાભ નથી. તેથી સ્વભાવદૃષ્ટિ કરાવવા કહ્યું કે વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં સંસારી ને સિદ્ધમાં કાંઈ ફેર નથી એમ શુદ્ધતત્ત્વના રસિક પુરુષો કહે છે.

(૧) શુદ્ધ સ્વભાવ એકરૂપ છે તેમાં ભેદ નથી એમ માની કોઈ અજ્ઞાની જીવ કહે કે વ્યવહારમાં પણ ભેદ નથી તો તેનો એક પણ નય સાચો રહેતો નથી. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને જીવને વિકલ્પવાળી દશામાં રાગ હોય છે ને નિમિત્ત ઉપર લક્ષ જાય છે તે જ્ઞાન કરવા માટે છે.

(૨) વળી કોઈ જીવ એમ માને કે વ્યવહારમાં રાગ-દ્વેષાદિના ભેદ છે માટે નિશ્ચય સ્વભાવમાં પણ ભેદ પડે છે ને નિશ્ચયનયના અભેદ વિષયમાં પણ ભેદ પડે છે. તો તે પણ ખોટો છે. તેને પણ એકેય નય સાચો નથી. વ્યવહારે પર્યાયમાં ભેદ હોવા છતાં નિશ્ચયમાં ભેદ નથી–એમ અનેકાંત છે. સંસારી જીવો સિદ્ધ સમાન છે. અહીં દ્રવ્યદૃષ્ટિ બતાવી પર્યાયદૃષ્ટિ ઉડાવવી છે કારણ કે વિકારી પર્યાયમાંથી કે અધૂરી પર્યાયમાંથી ધર્મપર્યાય પ્રગટતી નથી પણ શુદ્ધ સ્વભાવના આધારે ધર્મપર્યાય પ્રગટે છે.

પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;
આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.

**અર્થ:—પૂર્વોક્ત સર્વભાવો પરસ્વભાવો છે, પરદ્રવ્ય છે, તેથી હેય છે, અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય આત્મા-ઉપાદેય છે.**

ટીકા:—આ હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણનાં સ્વરૂપનું કથન છે. જે કોઈ વિભાવગુણ પર્યાયો છે તેઓ પૂર્વે (૪૯ મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા પરંતુ શુદ્ધ નિશ્ચયનયના બળે (શુદ્ધ નિશ્ચયનય) તેઓ હેય છે. શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવી છે, અને તેથી જ પરદ્રવ્ય છે. ઉદયભાવ એક સમયનો વિકારભાવ છે. ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવો એક સમયની નિર્મળ પર્યાયો છે. ચારે ભાવનું જ્ઞાન કરવું જોઈએ એ અપેક્ષાએ વ્યવહારથી તેને ઉપાદેય કહ્યા હતા. પરંતુ ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ચારે ભાવો તરફનું લક્ષ છોડવા જેવું છે. કારણ કે ઉદયભાવ વિકાર છે તે વિકારથી ધર્મ થતો નથી. ઉપશમભાવ, ક્ષયોપશમભાવ નિર્મળ પર્યાય હોવા છતાં પર્યાયના લક્ષે રાગ થાય છે, ધર્મ થતો નથી ને ક્ષાયિકભાવ વર્તમાન પ્રગટ નથી ને પ્રગટ નથી તેનો વિચાર કરતાં રાગ થાય છે તેથી તેના તરફનો વિકલ્પ પણ છોડવા જેવો છે. એ અપેક્ષાએ તે ચારે ભાવોને પરદ્રવ્ય કહ્યા છે. કેવળી ભગવાનને સમજવાનું કાંઈ બાકી નથી, તેમને નય નથી.

જેને સમજવાનું બાકી છે તે સાધકને નય પડે છે, તેને પર્યાય ઉપર લક્ષ કરતાં રાગ થાય છે તેથી તે ભાવો ઉપરનું લક્ષ છોડાવ્યું છે.

સમયસાર ગાથા ૧૧માં કહ્યું છે કે વ્યવહારનય અભૂતાર્થ છે ને ભૂતાર્થ શુદ્ધનયના આશ્રય કરનારા સમ્યગ્દૃષ્ટિ છે. અહીં પણ એ જ કહેવું છે કે ત્રિકાળી ધ્રુવસ્વભાવ તે સામાન્ય છે ને ઉદયાદિ ચાર ભાવો વિશેષ છે. વિશેષના અવલંબને રાગ નથી તેથી વિશેષને પરદ્રવ્ય ગણી સામાન્ય એકરૂપ સ્વભાવના આશ્રયે લાભ છે એમ કહેલ છે. જે જીવ વ્યવહારમાં હોંસ કરે છે તેને કહે છે કે તેના આશ્રયે લાભ નથી. શુદ્ધના આશ્રયે લાભ છે ને કોઈ કહે કે લાભ છે જ નહિ તો તેને પર્યાયનું જ્ઞાન કરાવે છે. પણ તેના આશ્રયે લાભ થાય એમ બની શકે નહિ.

આ વાતને અન્યમત સાથે મેળ ખાય તેમ નથી. પૈસા, કુટુમ્બ પરદ્રવ્ય જ છે. દેવ-શાસ્ત્ર-ગુરુ પણ પરદ્રવ્ય છે ને પોતાની એક સમયની પર્યાયને પણ પરદ્રવ્ય કહેલ છે. કારણ કે તેનો આશ્રય લેવા જતાં મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. એક ચૈતન્યસ્વભાવ અંતઃતત્ત્વ સ્વદ્રવ્ય છે. કોઈની ભક્તિથી કે કૃપાથી ધર્મ થાય તેમ જ રાગ ને પુણ્યના આશ્રયે ધર્મ થાય—તેમ તો નથી પણ તારી પર્યાયની કૃપાથી કે તેના આશ્રયથી પણ ધર્મ થાય એમ નથી. પર્યાયવાન દ્રવ્યસ્વભાવની કૃપાથી—એની એકની એક જ કૃપાથી ધર્મ થાય તેમ છે.

ગાથા ૩૮ની ટીકમાં કહેલ છે કે "જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી." હું શુદ્ધ જીવ છું એવો વિકલ્પ પણ પરદ્રવ્ય છે. ગાથા ૧૦૩ની ટીકામાં "નવ પદાર્થરૂપ પરદ્રવ્યનાં........" કહીને નવપદાર્થને પરદ્રવ્ય કહ્યા છે. એક શુદ્ધ અંતઃતત્ત્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે. સર્વે વિભાવભાવો—ઔદયિકાદિ ભાવોથી રહિત શુદ્ધ કારણપરમાત્મા ઉપાદેય છે. અહીં અંતઃતત્ત્વ એટલે અંતરાત્મા અર્થ ન લેવો. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા—ત્રણે પર્યાય છે. તેની વાત નથી. ત્રણે વિનાનો એકલો શુદ્ધસ્વભાવ, ઉત્પાદ્-વ્યય વિનાનો કારણપરમાત્મા ઉપાદેય છે કારણ કે તેના આશ્રયે લાભ થાય છે માટે તેને સ્વદ્રવ્ય કહ્યું છે. વ્યવહારરત્નત્રય, પાંચમહાવ્રતના વિકલ્પ કે ઉપશમાદિ ચાર ભાવોનાં આશ્રયે લાભ નથી, તેના લક્ષે રાગ થાય છે ધર્મ થતો નથી માટે પરદ્રવ્ય કહેલ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે ક્ષાયિક આદિ ભાવને પરદ્રવ્ય કેમ કહ્યા ?

સમાધાનઃ—ભાઈ! સાંભળ, તે ભાવોના વિચાર કરતાં રાગ ઊઠે છે તેથી પર્યાય-બુદ્ધિ છોડાવવા તેને વ્યવહાર કહી, ગૌણ કરી, અભૂતાર્થ કહી, પરદ્રવ્ય કહી, હેય કહ્યા છે ને ભૂતાર્થ શુદ્ધદ્રવ્યને સ્વદ્રવ્ય કહી ઉપાદેય કહ્યું છે કારણ કે તેના આશ્રયે ધર્મ થાય છે.

સહજ જ્ઞાન, દર્શન, ચારિત્ર સુખરૂપ અંતઃતત્ત્વનો આધાર શુદ્ધ કારણપરમાત્મા છે.

હવે તે અંતઃતત્ત્વ કેવું છે? "ખરેખર સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજ-પરમવીતરાગસુખાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો આધાર સહજ પરમપારિણામિકભાવ લક્ષણ ( સહજ પરમપારિણામિકભાવ જેનું લક્ષણ છે એવો ) કારણસમયસાર છે."

ત્રિકાળી સહજજ્ઞાન, ત્રિકાળી સહજદર્શન, ત્રિકાળી સહજચારિત્ર, ત્રિકાળી સહજ પરમવીતરાગી સુખરૂપ શુદ્ધ અંતઃતત્ત્વ છે. શુદ્ધભાવ, શુદ્ધસ્વભાવભાવ છે ને તેનો આધાર પરમપારિણામિક ભાવવાળો કારણસમયસાર છે. સહજ જ્ઞાનદર્શન કહીને જુદા જુદા ગુણોનો ભેદ સમજાવ્યો હતો. તેનો આધાર કારણપરમાત્મા કહી અભેદ કહી દીધો. સ્વદ્રવ્યમાં જ્ઞાનદર્શન આદિ ચાર ભેદથી સમજાવેલ છે ને તેને અભેદ કરી કારણ સમયસાર કહ્યો એ જ સમ્યગ્દર્શન માટે ઉપાદેય છે ને તે જ ધર્મનું કારણ છે. [ ક્રમશઃ ]


નવું પ્રકાશન :—

## જિનેન્દ્ર-પૂજાપ્રસાદ અને સ્વાધ્યાયસુધા

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રભાવનાયોગે અનેક ગામોમાં નિર્મિત થયેલાં નૂતન જિનમંદિરોમાં બિરાજમાન મૂળનાયક જિનેન્દ્ર ભગવંતોની પૂજાઓ તેમ જ આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા રચિત શ્રી સમયસાર આદિ પાંચ પરમાગમોના હરિગીતમાંથી કેટલીક મહત્વની તાત્ત્વિક ગાથાઓના સંકલનરૂપે "જિનેન્દ્ર-પૂજા-પ્રસાદ અને સ્વાધ્યાયસુધા" પ્રકાશિત કરવામાં આવેલ છે; જેની કિંમત રૂા. ૫/– રાખવામાં આવી છે.

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

અહીં નયોનું સ્વરૂપ વર્ણવે છે. જ્ઞાનથી આત્માને જાણીને શાંતિ અને સુખદશા પ્રગટે તે ધર્મ છે. તે જ્ઞાનની પાંચ પર્યાયો છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ; તેમાંથી શ્રુતજ્ઞાનમાં નયો હોય છે. નય તે જૈનદર્શનની ખાસ વસ્તુ છે. લક્ષણ, પ્રમાણ, નય અને નિક્ષેપ તે પદાર્થોને જાણવાના ઉપાય છે. વસ્તુનું લક્ષણ શું છે? તેને જાણનારું જ્ઞાન શું છે? તે જ્ઞાનના પડખા કેવા હોય છે? અને વસ્તુમાં જે ભાવ કહેવામાં આવે છે તે તેનો ત્રિકાળીભાવ છે કે પર્યાય છે કે ભૂત-ભવિષ્યની પર્યાયની અપેક્ષાએ કથન છે–તે બધું સમજવું જોઈએ. છ એ દ્રવ્યોનું ભિન્ન ભિન્ન લક્ષણ પહેલાં કહેવાઈ ગયું છે. તેના દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ જાણવા તે પ્રમાણ છે, વસ્તુના એક ધર્મને મુખ્યપણે ગ્રહણ કરે એવા શ્રુતજ્ઞાનના અંશને નય કહે છે. તે નય બીજા નયોની અપેક્ષા સહિત હોય તો જ સુનય છે, જો બીજા નયોથી સર્વથા નિરપેક્ષ હોય તો તે કુનય છે. નિશ્ચયને માને પણ પર્યાયમાં વ્યવહાર છે તેને ન માને તો તે કુનય છે તથા એકલા વ્યવહારના આશ્રયથી જ ધર્મ માને ને નિશ્ચયસ્વભાવને જાણે નહિ તો તે પણ કુનય એટલે કે મિથ્યાત્વ છે. જુઓ, એકવાર એમ કહેવાય કે "કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરી શકતું નથી," વળી નૈગમનયથી એમ પણ કહે કે શરીર જીવની ઇચ્છાથી ચાલ્યું, અથવા ક્રોધના નિમિત્તરૂપ જડવસ્તુને પણ નૈગમનયથી ક્રોધ કહે છે. એ પ્રમાણે નયના કથનને જેમ છે તેમ સમજવું જોઈએ. શરીર ચાલે છે ત્યારે ઇચ્છા નિમિત્ત છે; તેથી સંકલ્પ કરીને નૈગમનયથી એમ કહ્યું કે ઇચ્છાથી શરીર ચાલ્યું. પણ તે જ વખતે નિશ્ચયની અપેક્ષાનું ભાન સાથે જ છે કે ખરેખર જીવની ઇચ્છાથી શરીર ચાલ્યું નથી. આવા નિશ્ચયની અપેક્ષા વગરનો એકલો નૈગમનય હોય તો તે મિથ્યા છે અને નિશ્ચયની સાથે નિમિત્તનૈમિત્તિક સંબંધનું જ્ઞાન પણ ન હોય તો તે પણ એકાંત હોવાથી મિથ્યા છે.

માટે બધા નયો છે તે પરસ્પર સાપેક્ષ છે. કોઈવાર વ્યવહારથી કથન હોય ને કોઈવાર નિશ્ચયથી કથન હોય, પણ ત્યાં વસ્તુસ્થિતિનું લક્ષ રાખીને જે અપેક્ષા હોય તે જાણવી જોઈએ. નયજ્ઞાન તો યથાર્થ વસ્તુસ્વરૂપના નિર્ણયનું કારણ છે. નયોનું જ્ઞાન ન કરે ને સર્વથા એક જ પડખું પકડી બેસે તો તે મિથ્યાજ્ઞાન છે.

એકવાર કહે કે પરથી કાંઈ લાભ થાય નહિ. વળી ભગવાનની પ્રતિમાના દર્શન-પૂજનનો ઉપદેશ આવે,–એ બન્નેમાં જ્યાં જે નયની અપેક્ષા છે તે સમજવી જોઈએ.

શરીરની ક્રિયા આત્મા કરી શકે નહિ—એમ નિશ્ચયનય કહે ને વળી એમ કથન આવે કે "જોઈને ચાલવું" ત્યાં શરીરની ક્રિયા આત્મા કરે એમ બતાવવું નથી, પણ ત્યાં પ્રમાદભાવ ન થવા દેવો તે માટેનું કથન છે—એમ નયોથી બરાબર સમજવું જોઈએ.

જયધવલામાં કહે છે કે "ક્રોધાદિ કષાયો કર્મથી જ થાય છે" ત્યાં નૈગમનયના આરોપથી કથન છે. વળી ત્યાં ઋજુસૂત્રનયથી કહે કે "કષાય પારિણામિકભાવે છે" એક નયનું કથન પકડી બેસે ને બીજા નયોની અપેક્ષા સર્વથા છોડી દે તો તે અજ્ઞાન છે.

જુઓ, કોઈ શાસ્ત્ર મિથ્યાદૃષ્ટિને દયાના શુભપરિણામથી પરિતસંસાર થવાનું મનાવે તો તે નય જ નથી પણ મિથ્યાત્વ છે. ચિદાનંદ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી જ સંસારનો નાશ થાય છે તેને બદલે સ્વભાવના ભાન વગર એકલા શુભરાગથી કે દાનાદિના ભાવથી પરિતસંસાર થવાનું કહેતા હોય તો તે મિથ્યાદૃષ્ટિનું કથન છે, તેના કથનમાં નય લાગુ પડે નહિ.

**અહો! આત્માના અભેદસ્વભાવની દૃષ્ટિથી જ સંસારનો નાશ થાય છે, તેને બદલે અજ્ઞાનીના શુભરાગથી સંસારનો નાશ થવાનું મનાવે-તે તો મહાવિપરીત કથન છે.**

શુભરાગ તો ઉદયભાવ છે, શું ઉદયભાવથી સંસારનો નાશ થાય? ના, ન થાય. જુઓ, નિમિત્તથી જ્ઞાની એમ કહે કે હે નાથ! હે જિનેન્દ્ર! તારી ભક્તિથી અમે સંસારનો પાર પામ્યા! હે ગુરુદેવ! તારા ચરણકમળના પ્રસાદથી અમે ભવસમુદ્રને તરી ગયા! ત્યાં તેમને તો અંદરમાં ભાન છે કે અમે અમારા સ્વભાવના આશ્રયથી સંસારને તર્યા છીએ. ત્યાં દેવ-ગુરુ નિમિત્ત છે તેથી વિનયથી નિમિત્તમાં આરોપ કર્યો છે. અંદર અનારોપદૃષ્ટિ પ્રગટી છે તે આરોપ કરીને કહે છે. પણ જેને હજી અનારોપદૃષ્ટિ પ્રગટી નથી, સ્વભાવનું ભાન થયું નથી, સમ્યગ્દર્શન થયું નથી ને એકલા રાગથી જ સંસારનો અંત થવાનું મનાવે છે—તેને તો આરોપ પણ ન કહેવાય, તે તો મિથ્યાદૃષ્ટિનું કથન છે. અનારોપ વગર આરોપ શેનો? જ્ઞાનીને તો પોતાના સ્વભાવની દૃષ્ટિથી સંસારનો નાશ થયો છે એટલે અનારોપભાવ પ્રગટ્યો છે ત્યાં આરોપથી એમ કહે છે કે હે નાથ! તારી ભક્તિથી અમે તર્યા! ત્યાં નિમિત્તથી કથન છે અને તેમાં નય લાગુ પડે છે. અજ્ઞાનીને નય હોતા નથી.

આગળ પરોક્ષજ્ઞાનમાં અનુમાનપ્રમાણ પણ છે તેનું દૃષ્ટાંતપૂર્વક સ્વરૂપ કહે છે.

यत् जानाति जीवः इन्द्रियव्यापारकायचेष्टाभिः ।
तत् अनुमानं भण्यते तमपि नयं बहुविधं जानीहि ॥ २६७ ॥

અર્થઃ—ઇન્દ્રિઓના વ્યાપાર અને કાયની ચેષ્ટાઓથી શરીરમાં જીવને જે જાણવામાં આવે તેને અનુમાનપ્રમાણ કહે છે. તે અનુમાનજ્ઞાન પણ નય છે અને તે અનેક પ્રકારના છે. ૨૬૭.

ઇન્દ્રિય અને વાણી તો જડ છે પણ અંદર જ્ઞાનના ખ્યાલપૂર્વક ભાષા નિકળી તે ઉપરથી જીવનું અનુમાન થાય છે. ખાતો હોય ત્યાં કોળિયો બરાબર મોઢામાં જાય છે, માથા ઉપર નથી મૂકાતો એ ઉપરથી અનુમાન થાય છે કે અંદર જાણનાર તત્ત્વ છે. એમ દેહની ક્રિયા ઉપરથી જીવનું અનુમાન થાય છે. જુઓ, આ અનુમાન યથાર્થ ક્યારે કહેવાય? કે—પ્રમાણજ્ઞાન થયું હોય ત્યારે! પહેલાં અતીન્દ્રિય સમ્યગ્જ્ઞાનથી જેણે આત્માને જાણ્યો છે તેને પછી આવું અનુમાન હોય છે.

પદાર્થને જાણ્યા વિના અનુમાન કોનું? અનુમાન તે પરોક્ષજ્ઞાન છે. તે પણ યથાર્થ છે. જેમ કોઈ ઘરમાં સિતાર વાગતી હોય; ત્યાં સિતારના અવાજ ઉપરથી તેના વગાડનારની હોશિયારી વગેરેનું અનુમાન જાણકારને થઈ જાય છે. તે જ પ્રમાણે દિવ્યધ્વનિ ઉપરથી સર્વજ્ઞનું અનુમાન થાય છે ને દેહવાણીની ક્રિયા ઉપરથી જ્ઞાનીને જીવનું અનુમાન થઈ જાય છે. રસોઈ ઉપરથી રસોઈ કરનાર બાઈનું અનુમાન થઈ જાય છે. એ પ્રમાણે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઉપરથી અનુમાન કરી લેવાનું જ્ઞાનનું સામર્થ્ય છે.

નયોના વિસ્તારનું જ્ઞાન તે વેદિયાપણું નથી પણ વીતરાગતા છે. અહો! સંતોએ નયોનો અગાધ વિસ્તાર કર્યો છે. જાણે કે જ્ઞાનનાં દરિયા ફાડ્યા છે! ભાઈ! તારી બુદ્ધિ ન પહોંચે તો તું મહિમા લાવીને તેનો વિશ્વાસ કર. તને ન સમજાય તો કંટાળો ન લાવ. અહો! જૈનદર્શનને બીજા કોઈ અન્યમતો સાથે અંશમાત્ર પણ મેળ નથી. ઊગમણો-આથમણો તફાવત છે. ઉપર ટપકે અજ્ઞાનીને બધું સરખું લાગે પણ અંદરમાં ઊંડાણમાં ઘણો ફેર છે. માટે યથાર્થ વસ્તુસ્વરૂપનો બધા પડખાથી નિર્ણય કરવો જોઈએ.

જુઓ, અહીં કહે છે કે આત્મા દેહાદિની ક્રિયા ઉપરથી અનુમાનથી જણાય છે અને પ્રવચનસારમાં ૧૭૨ મી ગાથામાં કહે કે આત્મા અલિંગગ્રહણ છે, તે અનુમાનનો વિષય નથી, પોતે અનુમાનથી જાણતો નથી ને પોતે અનુમાન દ્વારા જણાતો નથી. ત્યાં એકલા અનુમાનથી જણાતો નથી પણ પ્રત્યક્ષ થયા પછી અનુમાન હોય છે. પ્રત્યક્ષ સ્વસંવેદન વગર એકલા પરોક્ષ અનુમાનથી આત્મા જણાતો નથી, માટે પ્રવચનસારમાં એમ કહ્યું કે આત્મા અનુમાનનો વિષય નથી અને પ્રત્યક્ષ સહિતના પરોક્ષ જ્ઞાન વડે આત્માનું અનુમાન થઈ શકે છે માટે અહીં કહ્યું છે કે દેહાદિની ક્રિયા ઉપરથી આત્માનું અનુમાન થાય છે. આ રીતે પરોક્ષજ્ઞાન તે પ્રત્યક્ષની અપેક્ષા સહિતનું છે, પ્રત્યક્ષ વગરના એકાંત પરોક્ષજ્ઞાનથી યથાર્થ અનુમાન થતું નથી.

નિમિત્તથી કાર્ય થાય એમ અજ્ઞાનીને દેખાય છે અને તે એમ કહે છે કે અમને પ્રત્યક્ષ દેખાય છે, પણ તે ખરેખર પ્રત્યક્ષ જ્ઞાન નથી ને તેનું પરોક્ષજ્ઞાન પણ સાચું

નથી. પ્રત્યક્ષજ્ઞાન તો આત્માનું છે, તે આત્માને સ્વસંવેદનથી પ્રત્યક્ષ કર્યા વગર પરનું જ્ઞાન પ્રત્યક્ષ કે પરોક્ષ સાચું હોય નહીં. જો નિમિત્તથી કાર્ય થતું હોય તો નિમિત્તના અભાવમાં તે કાર્ય રહી શકે નહિ, કડિયાથી મકાન થતું હોય તો કડિયાના અભાવમાં મકાન રહેવું ન જોઈએ. પરંતુ કડિયાના અભાવમાં પણ મકાન તો ટકી રહે છે. માટે મકાન કડિયાના કારણે થતું નથી. પણ આવું યથાર્થ જ્ઞાન ક્યારે થાય? કે પ્રત્યક્ષજ્ઞાન જેનું છે એવા આત્માને સ્વસંવેદનથી પ્રત્યક્ષ કર્યો હોય, પછી જ પરોક્ષ અનુમાન યથાર્થ હોય.

કથન પદ્ધતિ ઉપરથી તે કથન કરનારના જ્ઞાનનું માપ સમ્યગ્જ્ઞાની કરી લ્યે છે. તે પરોક્ષ અનુમાન જ્ઞાન છે, તે પણ એક પ્રકારનો નય છે.

પહેલાં શ્રુતજ્ઞાનના વિકલ્પને નય કહ્યા હતા, અહીં અનુમાનનું સ્વરૂપ કહ્યું છે. સામાના શરીરમાં રહેલો જીવ છદ્મસ્થને પ્રત્યક્ષ ગ્રહણમાં આવતો નથી. પણ જેને આત્માનું સ્વસંવેદનજ્ઞાન થયું હોય તે જીવ સ્પર્શ–રસ–વાણી–શ્રવણ–ગમનાગમન વગેરે ઉપરથી આત્માને જાણી લ્યે છે, તેનું નામ અનુમાન છે. નયો તો બધા પરોક્ષ જ છે ને અનુમાન પણ પરોક્ષ છે. તે બધા શ્રુત જ્ઞાનના પ્રકારો છે. પરોક્ષ હોવા છતાં તે યથાર્થ છે; સાધન ઉપરથી સાધ્યનું જ્ઞાન કરવું તેનું નામ અનુમાન છે, અને તે પણ નય છે. તે પણ પરોક્ષ–પ્રમાણનો ભેદ છે. નયો સ્વાર્થ અને પરાર્થના ભેદથી તથા હેતુ ચિહ્ન વગેરે ભેદોથી અનેક પ્રકારના છે.

વિશેષ વિશેષ પ્રકારથી વસ્તુનું જ્ઞાન કરવામાં નિર્મળતા અને સ્વાશ્રય ભાવ વધતો જાય છે, માટે સામાન્ય જ્ઞાનથી વિશેષ જ્ઞાન બળવાન છે, સામાન્યનો આશ્રય તે જુદી વાત છે, સામાન્યનો અર્થ સંક્ષિપ્તજ્ઞાન છે, તે સંક્ષિપ્તજ્ઞાન કરતાં વિશેષ વિશેષ પ્રકારે જ્ઞાન કરવું તેમાં વધારે દૃઢતા છે.

પણ સામાન્ય એટલે ત્રિકાળીસ્વભાવ ને વિશેષ એટલે પર્યાય તેમાં તો સામાન્યનો જ આશ્રય કરવાનો છે. સામાન્યદ્રવ્યના આશ્રય કરતાં પર્યાયનો આશ્રય બળવાન છે—એમ કાંઈ નથી કહ્યું, પણ જે જીવને જ્ઞાન-કંટાળો લાગતો હોય ને એકલા સામાન્યજ્ઞાનમાં જ સંતુષ્ટ થઈ ગયો હોય તો તેને કહે છે કે "સામાન્યજ્ઞાન કરતાં વિશેષ વિશેષ પ્રકારથી જ્ઞાન કરવું તે બળવાન છે" માટે અહીં નયોના ભેદોનું વર્ણન છે.

सः संग्रहेन एकः द्विविधः अपि च द्रव्यपर्यायाभ्यां ।
तयोः विशेषात् नैगमप्रभृतिः भवेत् ज्ञानं: ॥ २६८ ॥

અર્થ:— તે નય સંગ્રહપણાથી અર્થાત્ સામાન્યપણે તો એક છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક ભેદથી બે પ્રકારના છે તથા વિશેષતાથી એ બન્નેના ભેદોથી નૈગમનય આદિથી લઈને છે તે નય છે, અને તે જ્ઞાન જ છે. ૨૬૮.

જુઓ, જ્ઞાનની અનંત અનંત વિશાળતા છે. અનંત પડખાં જ્ઞાનમાં પડે છે એટલે અનંત પ્રકારના નયો છે, પણ તેમાં સંગ્રહપણે નયો એક છે ને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા ભેદથી બે પ્રકારના નયો છે તથા વિશેષપણે તેમના નૈગમનય વગેરે અનેક પ્રકારો છે. આ બધા નયો તે જ્ઞાન જ છે, જુઓ અહીં દ્રવ્યાર્થિકનય કહ્યો છે તે સમયસાર કરતાં જુદી શૈલીનો છે. આ આગમના નયો છે, અહીં કહેલો દ્રવ્યાર્થિકનય તે પણ દ્રવ્યદૃષ્ટિ અપેક્ષાએ તો વ્યવહારનય જ છે, સમયસારમાં તો જે દ્રવ્યદૃષ્ટિનો વિષય છે તે જ દ્રવ્યાર્થિકનયનો વિષય છે પણ અહીં તેમ નથી.

તે દ્રવ્યાર્થિકનયનું સ્વરૂપ કહે છે:—

यः साधयति सामान्यं अविनाभूतं विशेषरूपैः।
नानायुक्तिबलात् द्रव्यार्थः सः नयः भवति ॥ २६० ॥

અર્થ:— જે નય, વસ્તુને વિશેષરૂપથી અવિનાભૂત સામાન્યસ્વરૂપને નાનાપ્રકારની યુક્તિબળથી સાધે તે દ્રવ્યાર્થિકનય છે. ૨૬૯.

ભાવાર્થ:— વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક છે, વિશેષ વિના સામાન્ય હોતું નથી એ પ્રમાણે યુક્તિના બળથી સામાન્યને સાધે તે દ્રવ્યાર્થિકનય છે.

નૈગમનયમાં ઘણી સૂક્ષ્મતા છે, કોઈવાર બે પર્યાયોને ભેગી કરીને તેને 'દ્રવ્ય' કહી છે—એ પણ નૈગમનયનો વિષય છે. સામાન્ય-વિશેષરૂપ વસ્તુના ભાનપૂર્વક યુક્તિના બળથી સામાન્ય વસ્તુસ્વરૂપને જાણે તે દ્રવ્યાર્થિકનય છે, તેના પણ અનેક પ્રકારો છે તે આગળ કહેશે. નૈગમ સંગ્રહ ને વ્યવહાર એવા ત્રણ ભેદ દ્રવ્યાર્થિકના છે.

હવે પર્યાયાર્થિકનયનું સ્વરૂપ કહે છે.—

यः साधयति विशेषान् बहुविधसामान्यसंयुतान् सर्वान् ।
साधनलिङ्गवशात् पर्यायविषयः नयः भवति ॥ २७० ॥

અર્થ:— જે નય અનેક પ્રકારે સામાન્યસહિત સર્વ વિશેષને તેના સાધનનું જે લિંગ (ચિહ્ન) તેના વશથી સાધે તે પર્યાયાર્થિકનય છે. ૨૭૦.

દેવ કેવા હોય, ગુરુ કેવા હોય, શાસ્ત્ર કેવા હોય—એવું નિર્ણય કરવાનું આવે ત્યાં તેને "વ્યવહાર" કહીને કાઢી નાખે, ને દેવ-શાસ્ત્ર-ગુરુનો પણ યથાર્થ નિર્ણય કર્યા વગર એકલા નિશ્ચયની વાત કરે, તો તે એકાંત મિથ્યાદૃષ્ટિ છે, તેને નિશ્ચય કે વ્યવહાર એકેયનું ભાન નથી. પર્યાયાર્થિકનયના ચાર ભેદ છે તે આગળ કહેશે. વિશેષ ભાવાર્થમાં કહેવાશે.

(ક્રમશઃ)

[ જ્ઞાનશક્તિ...ટાઇટલ ૩ થી ચાલુ ]

કરવાનું કાંઈ રહ્યું નથી. જ્ઞાન સ્વસન્મુખ ન થતાં, જો પરસન્મુખ થાય તો તે દબાઈ જાય છે—ઢંકાઈ જાય છે, ખીલતું નથી. સ્વસન્મુખ થવાથી જ્ઞાન ખીલે છે, પરસન્મુખ થવાથી જ્ઞાન રોકાઈ જાય છે, બિડાઈ જાય છે.

"પૂર્ણરૂપે પરિણમી ગયેલું જ્ઞાન કોઈને જાણ્યા વિના રહેતું નથી."

પરિપૂર્ણરૂપે પરિણમી ગયેલી જ્ઞાનની પર્યાય એક સમયમાં યુગપદ્ બધું જાણે છે; સમસ્ત ચેતન-અચેતન પદાર્થો, તેમના ગુણો, તેમની ત્રણે કાળની પર્યાયો—બધું એક સાથે પ્રત્યક્ષ જાણે છે. પૂર્ણરૂપે પરિણમેલું જ્ઞાન કોઈને જાણ્યા વિના રહેતું નથી.

"તે જ્ઞાન સ્વચૈતન્યક્ષેત્રમાં રહ્યાં રહ્યાં, ત્રણે કાળનાં તેમ જ લોકાલોકનાં બધાં સ્વ-પર જ્ઞેયો જાણે કે જ્ઞાનમાં કોતરાઈ ગયાં હોય તેમ, સમસ્ત સ્વ-પરને એક સમયમાં સહજપણે પ્રત્યક્ષ જાણે છે; જે વીતી ગયું છે તે બધાને પણ પૂરું જાણે છે."

સર્વજ્ઞ પરમાત્માનું જ્ઞાન નિજ ચૈતન્યપ્રદેશોમાં—સ્વક્ષેત્રમાં—રહ્યાં રહ્યાં, ભૂત-વર્તમાન-ભાવી વિચિત્ર પર્યાયસમૂહવાળા લોકાલોકનાં બધા પદાર્થોને—જાણે કે તે પદાર્થો પોતાના સંપૂર્ણ વિશેષો સહિત જ્ઞાનમાં કોતરાઈ ગયા હોય, ચીતરાઈ ગયા હોય, દટાઈ ગયા હોય, ખોડાઈ ગયા હોય, ડૂબી ગયા હોય, સમાઈ ગયા હોય, પ્રતિબિંબિત થયા હોય એમ—એક સમયમાં જ સહજપણે પ્રત્યક્ષ જાણે છે. જગતના સમસ્ત ભાવોને એક સમયમાં જ સહજપણે પ્રત્યક્ષ જાણે છે; જે વીતી ગયું છે, વતમાન વર્તી રહ્યું છે અને હવે પછી થવાનું છે તે બધાને પૂરેપૂરું જાણે છે.

"જ્ઞાનશક્તિ અદ્ભુત છે."

જ્ઞાનગુણની શક્તિ તો સ્વભાવે અદ્ભુત છે જ, પણ તેની પરિપૂર્ણ ખીલેલી પર્યાયની શક્તિ પણ અદ્ભુત છે. જ્ઞાનના પૂર્ણ પરિણમનનો એવો સહજ સ્વભાવ છે કે પોતાના અને પરના ભૂત-વર્તમાન-ભવિષ્યના બધા ભાવોને એક સમયમાં સહજપણે પ્રત્યક્ષ જાણે. સર્વજ્ઞપણે પરિણમેલી પર્યાય જો બધાને યુગપદ્ પ્રત્યક્ષ ન જાણે તો તે જ્ઞાનની દિવ્યતા શી? અનંત મહિમાવંત કેવળજ્ઞાનની તો એ દિવ્યતા છે કે તે અનંત દ્રવ્યોના સમસ્ત પર્યાયોને—ભૂત અને ભાવી પર્યાયોને પણ—સંપૂર્ણપણે એક જ સમયે પ્રત્યક્ષ જાણે છે. ખરેખર પરિણમેલી—વ્યક્ત થયેલી—જ્ઞાનશક્તિ પણ અદ્ભુત છે.

(તા. ૧૧-૯-૮૯)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

## * પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ *

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૬ મી મંગલમય જન્મજયંતી પ્રસંગે તા. ૩૦-૭-૮૯ થી તા. ૧૮-૮-૮૯ સુધી પ્રતિવર્ષ અનુસાર સુવર્ણપુરીમાં રાખવામાં આવેલ પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગનો હિન્દીભાષી મુમુક્ષુ સહિત અનેક મુમુક્ષુ ભાઈઓએ લાભ લીધો હતો.

ઉત્તમવર્ગમાં શ્રી સમયસારજીની (કર્તાકર્મ-અધિકારની) ગાથા ૬૯ થી ૭૭ ઉપર અને શ્રી પ્રવચનસારજીની ગાથા ૮, ૯, ૧૦, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૬ અને ૧૦૭ ઉપર શિક્ષણ આપવામાં આવેલ હતું. મધ્યમવર્ગમાં છ ઢાળ તેમજ જૈન-સિદ્ધાંતપ્રશ્નોત્તર-માળા-કારક અધિકાર ઉપર શિક્ષણ આપવામાં આવ્યું હતું. પરમ તારણહાર ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીનાં શ્રી સમયસારજી તથા શ્રી સમયસાર કળશટીકા ઉપરનાં અદ્‌ભુત ટેપપ્રવચનો ઉપરાંત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના પાવનદર્શન અને તેઓશ્રીની અનુપમ વાણીનો લાભ શિક્ષણાર્થીઓને મળ્યો હતો. તદુપરાંત રોજ બપોરે શ્રી પ્રવચનસારજી ઉપરના શાસ્ત્રવાંચન અને જિનેન્દ્રભક્તિનો પણ શિક્ષણાર્થીઓને પ્રતિદિન લાભ મળ્યો હતો. રાજકોટ, જામનગર, ભાવનગર, સુરેન્દ્રનગર, વાંકાનેર, કાનાતળાવ, અમદાવાદ, મુંબઈ, બેંગલોર, અશોકનગર, ગુના, વિદિશા, ઇન્દોર, ઉજ્જૈન, મહીદપુર, ખંડવા, સનાવદ, શિવપુરી, કરેરા, દિલ્હી, દમોહ, શાહગઢ, બકસવાહા, નાગપુર, ખૈરાગઢ, ખંડેરી, મલકાપુર, આરોન, ઉદયપુર, હૈદરાબાદ, મંદસોર આદિ અનેક ગામોના મુમુક્ષુઓએ આ શિક્ષણવર્ગનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

## * પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૭૬ મી જન્મજયંતી *

'પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દીવર્ષ' અંતર્ગત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૬ મી જન્મજયંતી શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા અત્યંત આનંદોલ્લાસ પૂર્વક વિશેષ પ્રકારે ઉજવવામાં આવી હતી. ટેપ-પ્રવચન, શાસ્ત્રવાંચન પૂજ્ય બહેનશ્રીની વિડિયોતત્ત્વચર્ચા આદિ વિવિધ કાર્યક્રમ માટે શ્રી સ્વાધ્યાય મંદિરની પાછળ એક ભવ્ય મંડપ બનાવવામાં આવ્યો હતો. જન્મજયંતીના આ પાંચ દિવસીય મંગલ મહોત્સવનો શુભારંભ તા. ૧૪-૮-૮૯ ના રોજ પરમાગમમંદિરમાં 'શ્રી ચૌંસઠ-ઋદ્ધિમંડળ-વિધાનપૂજા' દ્વારા થયો હતો. પૂજાની સુંદર વ્યવસ્થાથી ઉપસ્થિત મુમુક્ષુ-

સમુદાયને સંતોષ થયો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીનાં દ્રવ્યદૃષ્ટિપ્રધાન સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક અનુપમ હિન્દી ટેપ-પ્રવચનો સાંભળીને ઉપસ્થિત મુમુક્ષુસમાજ અત્યંત આનંદિત થયો હતો.

આ મંગલ અવસર પર આપણા આદરણીય આદર્શ આત્માર્થી પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા કરાવવામાં આવેલી પ્રાસંગિક તેમજ દેવ-ગુરુની ભાવભીની ભક્તિથી ઉપસ્થિત મુમુક્ષુઓ ભાવવિભોર બની જતા હતા. બપોરે સર્વશ્રી હિંમતભાઈ ડગલી, ડૉ. પ્રવિણભાઈ દોશી તથા શ્રી શશીકાંતભાઈ શેઠે પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે શ્રદ્ધાભક્તિની અભિવ્યક્તિ પૂર્વક 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' અને 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર તાત્ત્વિક પ્રવચનો કર્યા હતા.

સાંજના ટેપ પ્રવચન બાદ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાની વિડિયો, પૂજ્ય બહેનશ્રીની અમૃત-મહોત્સવની વિડિયો, કહાનગુરુ-જન્મશતાબ્દી ભવ્ય-મહોત્સવની વિડિયો, અધ્યાત્મ-તીર્થધામની વિડિયો, કહાનગુરુ-જન્મશતાબ્દીના ઉપલક્ષમાં ઘાટકોપર મુમુક્ષુમંડળ દ્વારા મુંબઈમાં આયોજિત ભવ્ય શોભાયાત્રાની વિડિયો બતાવવામાં આવી હતી.

આ ભવ્ય પ્રસંગે મહોત્સવને અનુરૂપ મંડપ અને ભવ્ય પ્રવેશદ્વાર ચિત્તાકર્ષક હતા. પ્રવેશદ્વાર ઉપરનો વિશાળ દીપક અને તેની ગગનચૂંબી જ્યોત જાણે કે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની સ્વાનુભવ-પરિણતિને સમસ્ત વિશ્વમાં જાહેર કરી રહી હતી.

## * શ્રાવણ વદ બીજ : બહેનશ્રીની જન્મજયંતી *

આ મહામંગળ દિવસે પ્રતિદિન પ્રમાણે સવારના ૫ વાગે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની "હું પરમાત્મા છું, એમ નક્કી કર" આ પરમેશ્વરી ભગવતી આકાશવાણીથી સુવર્ણપુરીનું ગગન ભરાઈ ગયું હતું. જિનમન્દિર આનન્દના ઘંટારવથી ગૂંજી ઊઠયું હતું. પરમાગમ-મંદિરમાં 'ચૌંસઠ-ઋદ્ધિમંડળવિધાનપૂજા'ની વિધિપૂર્વક સમાપ્તિ બાદ સુશોભિત ભવ્ય મંડપમાં '૭૬'ના ભવ્ય વિશાળ અંક તથા ભવ્ય દીપકથી સુસજ્જ મનોહર સ્ટેજ પર બિરાજિત કરેલા આપણા પરોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ ભવ્ય સ્ટેચ્યૂ (પ્રતિકૃતિ) સહિત 'યોગસાર' પર તેઓશ્રીનું વિડિયો ટેપ પ્રવચન રાખ્યું હતું, જે ખૂબ જ ભવ્ય અને આનંદજનક હતું. ટેપ દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવના મુખારવિન્દથી પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવવિભૂષિત આધ્યાત્મિક પવિત્રતા તથા ધર્મવિષયક લોકોત્તર જાતિસ્મરણજ્ઞાનનું ગંભીર વિવરણ સાંભળીને શ્રોતાસમૂહ આનંદિત થઈ ગયો હતો.

પૂજ્ય ગુરુદેવના પ્રવચન બાદ પ્રશમરસપરિણત પૂજ્ય બહેનશ્રી સ્ટેજ પર પધારતાં સમાજે ઊભા થઈ ભક્તિભાવથી ઉપકારમૂર્તિ મહાન આત્માનું ભવ્ય સ્વાગત કર્યું. સુશોભિત મંચ પર પધારીને તેઓશ્રીએ સૌ પ્રથમ પરમ તારણહાર પરમ પૂજ્ય ગુરુદેવને અત્યન્ત ભક્તિભાવથી વંદના કરી હતી. મુમુક્ષુસમાજના ભક્તિભીના અનુરોધના

પ્રત્યુતરમાં માંગલિક તથા સંક્ષેપમાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવ ભરેલા સ્વાનુભવ-રસભીના ગમ્ભીર મંગળ અધ્યાત્મવચન કહ્યાં હતાં.

ત્યારબાદ પ્રમશમૂર્તિ પૂજ્ય ભગવતી માતાને રજત-ચંદ્રકથી 'વધાઈ' નો મનોહ્લાદક ભવ્ય ક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. સેંકડો મુમુક્ષુપરિવાર મુગટ તથા હાર પહેરીને સ્ત્રીઓ માથાપર શ્રીફળયુક્ત મંગળ કળશ ધારણ કરીને તથા પુરુષવર્ગ એક સ્ટીલની થાળીમાં 'રજતચંદ્રક' પુષ્પ આદિ લઈને ક્રમશઃ 'વધાઈ' માટે આવતા હતાં. તે સમયના ભક્તોના આનંદની શું વાત કરવી? તે તો શબ્દાતીત છે. વાતાવરણ એવું મનમોહક હતું કે જાણે આપણા કલ્યાણદાતા પૂજ્ય ગુરુદેવની સાક્ષાત ઉપસ્થિતિ હોય અને સમસ્ત મુમુક્ષુસમાજને સંબોધિત કરતા હોય કે "બેન માટે લોકો જેટલું બહુમાન કરે તેટલું ઓછું છે."

બપોરે શાસ્ત્રપ્રવચન, દેવ-ગુરુભક્તિ, સાંજે જિનેન્દ્ર-આરતી, પૂજ્ય ગુરુદેવનું ટેપપ્રવચન અને ત્યારબાદ બ્ર. બહેનો તથા બીજા મુમુક્ષુ બહેનો દ્વારા પ્રસંગોચિત ભક્તિ વગેરે કાર્યક્રમ રાખ્યો હતો. આ રીતે પૂજ્ય ગુરુદેવની પાવન પ્રેરણાથી અતિશય આનન્દોલ્લાસ સાથે પ્રતિવર્ષ ઉજવાતો આ મંગળ મહોત્સવ તેઓશ્રીના મંગળ પ્રભાવના-ઉદયના ગુંજારવને તેઓશ્રીના જન્મશતાબ્દીવર્ષમાં વિશેષ આન્દોલિત કરતો થકો સાનંદ પૂર્ણ થયો.

આ ૭૬મી જન્મજયંતીના શુભ અવસર પર 'શ્રી ચૌંસઠ-ઋદ્ધિ-મંડળવિધાનપૂજા' (કાયમી):—

૧. શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ, હસ્તે શ્રી જીતુભાઈ, સોનગઢ,
૨. શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવાર, મુંબઈ,
૩. શ્રી કાન્તાબેન અનુપચન્દભાઈ બારા, રાંચી,
૪. કેટલાક બ્ર. બહેનો, સોનગઢ,
૫. શ્રી અજવાળીબેન જગજીવનદાસ દોશી, સાવરકુંડલા,
૬. શ્રી ચમ્પાબેન પોપટલાલ તથા પોપટલાલ લહેરાભાઈ ગોસલીયા-ચુડા,
૭. શ્રી જયેશભાઈ દોલતરાય મહેતા હસ્તે શ્રી પુષ્પાબેન તથા મહેશભાઈ-જામનગર,
૮. શ્રી નવીનચંદ્ર પોપટલાલ શાહ, બોરીવલી,
૯. બ્ર. શારદાબેન જયસુખલાલ સંઘાણી-રાજકોટ,
૧૦. શ્રી જ્યોતિબેન પ્રવિણચન્દ્ર મહેતા હસ્તે શ્રી પ્રવિણચન્દ્ર નવલચન્દ મહેતા મુંબઈ

તથા (પ્રાસંગિક):— ૧. શ્રી ગુલાબબેન લીલાધરભાઈ (વકીલ), જામનગર
૨. શ્રી ત્રિવેણીબેન નરોતમદાસ શાહ, બોટાદ,

૩. શ્રી કુમુદબેન કરસનદાસ પારેખ, અમદાવાદ તરફથી રાખવામાં આવી હતી.

આ મંગળ અવસર પર નીચે દર્શાવેલ મહાનુભવો તરફથી જમણ રાખવામાં આવ્યા હતા. કાયમી જમણ :—

૧. શ્રી હેમકુંવરબેન નરભેરામ કામાણી, જમશેદપુર, (શ્રાવણી પૂર્ણિમા, સવારનું)

૨. શ્રી સવિતાબેન વ્રજલાલ ડેલીવાળા પરિવાર, સુરત (શ્રાવણ વદ બીજ, સવારના)

તથા પ્રાસંગિક જમણ :—

૧. શ્રી સમરતબેન જેઠાલાલ શાહ (પૂજ્ય બહેનશ્રીના મોટાબેન.) હસ્તે બ્ર. કંચનબેન તથા ચન્દ્રમણીબેન, સોનગઢ.

૨. શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી તથા શ્રી કાન્તાબેન અનુપચંદભાઈ ખારા, સોનગઢ,

૩. શ્રી મંગળાબેન નાનાલાલભાઈ પારેખ તથા બ્ર. ઉષાબેન જગજીવનદાસ દોશી, સોનગઢ,

૪. શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ તથા શ્રી દિનેશભાઈ અંબાલાલભાઈ શાહ, દહેગામ,

૫. શ્રી લલીતાબેન જયસુખલાલ સંઘાણી, રાજકોટ,

આ મંગળમય જન્મજયન્તીની શુભ ઘડીમાં પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાના અમૂલ્ય લાભના ઉપલક્ષમાં :—

રૂા. ૫૦૦૫–૦૦ શ્રી કુમુદબેન કરસનદાસ પારેખ, અમદાવાદ તથા

રૂા. ૫૦૦૫–૦૦ શ્રી કાન્તાબેન દલસુખભાઈ શાહ–ભાવનગરવાળા

તરફથી જ્ઞાનપ્રચાર, સાહિત્ય પ્રકાશન વગેરે વિવિધ ખાતામાં જાહેર થયા હતા.

આ મંગળ મહોત્સવમાં સંસ્થા તરફથી પ્રકાશિત સત્સાહિત્યના વેચાણમાં નીચેના મહાનુભવો તરફથી ડીસ્કાઉંટ રાખવામાં આવ્યું હતું :—

૨૫% શ્રી વીણાબેન જગદીશભાઈ મોદી, મુંબઈ (કહાનગુરુ-જન્મશતાબ્દીવર્ષ પર્યન્ત)

૧૦% શ્રી કમળાબેન અમૃતલાલ મેઘાણી, મલાડ તથા

૫% શ્રી ગોવીન્દરામજી નીમાવત, રાજકોટ,

આ રીતે કુલ ૪૦% ડીસ્કાઉંટ જાહેર થતાં રૂા. ૪૦,૦૦૦ ના સત્સાહિત્યનું વેચાણ થયું હતું.

* ગુજરાતી આત્મધર્મના આજીવન સદસ્યશુલ્કમાં શ્રી સુન્દરજી વીરજીભાઈ વારીયા જામનગર તરફથી રૂા. ૨૬) ડીસ્કાઉંટ; અને વાર્ષિક લવાજમમાં શ્રી ત્રિવેણીબેન કેશવલાલ કોઠારી પરિવાર, મુંબઈ તરફથી રૂા. ૩) નું તથા રૂા. ૩) નું ડીસ્કાઉંટ શ્રી શારદાબેન મનસુખલાલ શાહ, પાલેજ તરફથી રાખ્યું હતું. કુલ ૨૦૬ નવા સભ્યોએ આ યોજનાનો લાભ લીધો હતો.

આ મંગળ અવસર પર પૂજ્ય બહેનશ્રીને રજત–ચન્દ્રકથી વધાવવાનો અમૂલ્ય લાભ કુલ ૧૭૩ પરિવારોને મળ્યો હતો.

આ જન્મજયન્તીના ઉપલક્ષમાં ૭૬ ના અંકમાં ૯૨૮×૭૬ = રૂા. ૭૦,૫૨૮ ની સંસ્થાને આવક થઈ હતી.

આ જન્મજયન્તીના અવસરે તથા થોડા દિવસ આગળ-પાછળ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચરણોમાં તથા 'હારરૂપ'માં કુલ રૂા. ૭૬૦૦૦) આવ્યા હતા, જે સંસ્થાના જ્ઞાનપ્રચાર ખાતામાં જાહેર કરવામાં આવ્યા હતા.

* દશલક્ષણપર્યુષણપર્વ (તા. ૫–૯–૮૯ થી તા. ૧૪–૯–૮૯) પૂજ્ય ગુરુદેવશ્રીના દશલક્ષણધર્મ પર જ્ઞાનવૈરાગ્યરસપૂર્ણ ટેપ-પ્રવચનો, શાસ્ત્રવાંચન, તેમજ 'દશલક્ષણધર્મ-મંડલવિધાનપૂજા'ના ભવ્ય સમારોહપૂર્વક અતિ આનન્દોલ્લાસ ઉજવાઈ રહ્યો છે.

* શ્રી ઉત્તમ-ક્ષમાવણીપર્વ (ભાદરવા વદ–૧) તા. ૧૬–૯–૮૯ ના રોજ ક્ષમાવણી-પૂજા, પૂજ્ય ગુરુદેવનું 'આલોચના–અધિકાર' પર ભાવવાહી પ્રવચન અને વીતરાગ દેવ-શાસ્ત્ર–ગુરુ, પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવ તેમજ પરમોપકારી પૂજ્ય બહેનશ્રી પ્રતિ ક્ષમાપ્રાર્થના ઈત્યાદિ સમારોહપૂર્વક અતિ હર્ષોલ્લાસ સહિત ઉજવવામાં આવશે.

[ વૈરાગ્ય...પાનું ૩૦ થી ચાલુ ]

* જામનગરનિવાસી શ્રી શાંતાબેન પ્રેમચંદભાઈ શાહ (–શ્રી ભગવાનજીભાઈ કચરાભાઈ શાહના ભત્રીજા પ્રેમચંદભાઈના ધર્મપત્ની) (વર્ષ–૬૫) તા. ૮–૮–૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

## વૈરાગ્ય-સમાચાર :—

* હૈદરાબાદનિવાસી શ્રી કલ્યાણજીભાઈ લાલજીભાઈ શાહ (વર્ષ–૫૭) તા. ૨૫–૫–૮૯ ના રોજ વાતચીત કરતાં કરતાં હાર્ટફેઈલ થતાં સ્વર્ગવાસ પામ્યા છે.

* કલકત્તાનિવાસી શ્રી શાંતિલાલ દલીચંદ દેઢીવાળા (વર્ષ–૬૮) તા. ૮–૭–૮૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ-અમૃતવાણીનો લાભ લીધો હતો.

* જામનગરનિવાસી શ્રી જયેશભાઈ દોલતરાય મહેતા (શ્રી પુષ્પાબેનના પુત્ર અને શ્રી મહેશભાઈના નાના ભાઈ) (વર્ષ–૪૬) તા. ૧૨–૭–૮૯ ના રોજ જામનગરથી રાજકોટ જતાં કાર એકસીડન્ટમાં સ્થળ ઉપર જ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સોનગઢનાં દરેક મહોત્સવ પ્રસંગે સોનગઢ આવીને ઉત્સાહથી લાભ લેતા હતા.

* રાજકોટનિવાસી ડૉ. યુ. આર. કોઠારીના પિતાશ્રી શ્રી રમણલાલ ચત્રભુજ કોઠારી (વર્ષ–૭૨) તા. ૧૬–૭–૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવાર-નવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

* ઉમરાળાનિવાસી (હાલ-માટુંગા) શ્રી નંદલાલ પ્રાગજી મહેતા (વર્ષ–૮૨) તા. ૨૨–૭–૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ દર વર્ષે ઘણો સમય સોનગઢ રહીને ઘણો લાભ લીધો હતો.

* કલકત્તાનિવાસી શ્રી જયંતીલાલ જાદવજી ટિંબડીયા (વર્ષ–૫૭) તા. ૨૩–૭–૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્મા છે. તેઓ વર્ષોથી વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લેતા હતા.

* કલકત્તાનિવાસી શ્રી શાંતાબેન જાદવજીભાઈ ટીંબડીયા (વર્ષ–૮૧) તા. ૩૦-૭-૮૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો.

* નાઈરોબીનિવાસી (હાલ-લંડન) શ્રી ગુલાબચંદભાઈ પોપટભાઈ (વર્ષ–૫૭) તા. ૫–૮–૮૯ ના રોજ અચાનક હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ એ નાઈરોબી પંચકલ્યાણ પ્રતિષ્ઠા વખતે તેમજ સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ-અમૃતવાણીનો લાભ લીધો હતો.

[ અનુસંધાન માટે જુઓ પાનું–૨૯ ]

# ✻ જ્ઞાનશક્તિ અદ્‌ભુત છે ✻

[ 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૪૧૩ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, ભાગ-૪માંથી ]

" સર્વજ્ઞભગવાન પરિપૂર્ણજ્ઞાનરૂપે પરિણમી ગયા છે. "

સર્વજ્ઞ પરમાત્મા કેવા હોય ? તેમની કેવળજ્ઞાન પર્યાય કેવડી મોટી હોય ? સર્વજ્ઞ-ભગવાન, તેમને ભાવ તેમ જ દ્રવ્ય ઘાતિકર્મો ક્ષય પામ્યા હોવાથી, સ્વયમેવ પરિપૂર્ણ-જ્ઞાનરૂપે પરિણમી ગયા છે. તેઓ છદ્મસ્થ જીવોની માફક ક્રમથી જાણતા નથી પરંતુ વિશ્વનાં સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને એકસાથે પૂર્ણપણે જાણે છે.

" તેઓ પોતાને પૂર્ણપણે — પોતાના સર્વગુણોના ભૂત-વર્તમાન-ભાવી પર્યાયોના અવિભાગ પ્રતિચ્છેદો સહિત — પ્રત્યક્ષ જાણે છે. "

કેવળી પરમાત્મા પોતાને — પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને ને સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને તથા પોતાના સર્વગુણોના ત્રણે કાળના પર્યાયોને — સંપૂર્ણપણે પ્રત્યક્ષ જાણે છે.

" સાથે સાથે તેઓ સ્વક્ષેત્રમાં રહીને, પર સમીપ ગયા વિના, પરસન્મુખ થયા વિના, નિરાળા રહીને લોકાલોકના સર્વ પદાર્થોને અતીન્દ્રિયપણે પ્રત્યક્ષ જાણે છે. "

જ્ઞાનનો સ્વભાવ સ્વપર-પ્રકાશક છે. કેવળજ્ઞાનરૂપે પરિણમેલો આત્મા પોતાના સર્વગુણોના ભૂત-વર્તમાન-ભાવી પર્યાયોના અવિભાગ પ્રતિચ્છેદો સહિત વિશ્વના સમસ્ત પદાર્થોને, સ્વક્ષેત્રમાં રહીને, જ્ઞેયરૂપ પરપદાર્થ સમીપ ગયા વિના, પરિણતિને પરસન્મુખ કર્યા વિના, તદ્દન નિરાળો રહીને અતીન્દ્રિયપણે પ્રત્યક્ષ જાણે છે.

" પરને જાણવા માટે તેઓ પરસન્મુખ થતા નથી. "

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં સંપૂર્ણ લોકાલોકને — સ્વ-પર સમસ્તને — એકસાથે જાણે છે, લોકાલોકને જાણવા માટે તેઓ લોકાલોક-સન્મુખ થતા નથી. 'નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા'; અંશે પણ પરસન્મુખ થયા વિના સ્વયં સહજ જાણે છે.

" પરસન્મુખ થવાથી તો જ્ઞાન દબાઈ જાય છે — રોકાઈ જાય છે, ખીલતું નથી. "

જ્ઞાન પૂર્ણ સ્વસન્મુખ થતાં પર્યાયમાં પૂર્ણ જ્ઞાનપણે પરિણમે છે; વસ્તુ દ્રવ્ય-સ્વભાવે જેવી કૃતકૃત્ય છે તેવી, પર્યાયમાં કૃતકૃત્ય થઈ જાય છે. કૃતકૃત્ય થવાથી નવું

[ અનુસંધાન માટે જુઓ પાનું-૨૪ ]

દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે-અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય તે સર્વની આત્મધર્મ-પરિવાર ક્ષમા માગે છે.

—સંપાદક

કહાન સંવત-૯ □ (૫૫૧) ✽ આત્મધર્મ ✽ (અંક-૩ વર્ષ-૪૬) □ વીર સં. ૨૫૧૫ સપ્ટેમ્બર, ૧૯૮૯

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૨૦૦

**If undelivered please return to :-**
**Shri Dig. Jain Swadhyay Mandir Trust**
**SONGADH-364 250 ( INDIA )**

**Licence No. 3 ‘Licensed to post without prepayment’**

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012